# નિવેદન

ગોવિંદરામ દ્વારકાદાસવાળા મારા પરમ મિત્ર અને અંગત સ્નેહી શ્રી બાલકિસનદાસ ગોવિંદરામે કોઈ સારૂં પુષ્ટિમાર્ગીય પુસ્તક છપાવવાની પોતાની ઇચ્છા મને આશરે પાંચેક વર્ષ પહેલાં દર્શાવેલી હતી. સંજોગાનુસાર વર્ષો વીત્યાં છતાં પણ તેમનો નિર્ણય અફર રહ્યો અને તેના પરિણામે તેમના દ્રવ્ય સાહાય્યથી આ પુસ્તક પ્રકટ થાય છે માટે તેમનો પ્રથમ ઉપકાર માનુ છું.

ભાઈશ્રી નાનુલાલભાઇ ગાંધીએ તેમનો તૈયાર કરેલો શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧ અધ્યાય ૯ થી ૧૯ નો અનુવાદ આપવા સહર્ષ તત્પરતા દાખવી અને તુરતજ તેમની હસ્તલિખિત પ્રત મોકલી આપી. તદુપરાંત અવારનવાર ઉપયોગી સૂચનો આપે જતા હતા. માટે તેમણે અનહદ ઉપકાર કર્યો છે તેથી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

પ્રુફ સુધારવામાં મને અનેક વૈષ્ણવ ભાઇઓએ સહકાર આપી મદદ કરી છે. તે સર્વનો પણ અત્રે આભાર માનુ છું. મારા મિત્ર ગોપાલદાસ ત્ર્યંબકલાલે શુદ્ધિપત્ર તૈયાર કરવામાં મને ઘણી સારી મદદ કરી છે તેથી તેમનો ઉપકાર માનુ છું.

નડિયાદ પુસ્તકાલયના મંત્રી ભાઈ શ્રી રતિલાલે પ્રુફ સુધારવામાં તથા પ્રેસની ગોઠવણ કરવામાં મને ઘણીજ મદદ કરી છે તેથી તેમનો તથા પટવા પ્રિન્ટરીના માલીક શ્રી મણિલાલ વ્રજલાલ પટવાએ આ પુસ્તક છપાવવામાં મને ઘણી મદદ કરી છે તેથી તેમનો ઉપકાર માનુ છું.

લી.

લાલબાવા મંદિર,
મુંબઈ નં. ૨.

**મંગલદાસ મોહનલાલ શાહના**
સર્વે વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ.

મુદ્રકઃ– શ્રી મણિલાલ વ્રજલાલ પટવા
મુદ્રણસ્થાનઃ– પટવા પ્રિન્ટરી, ઘોડાપોળ સામે, નડીઆદ.

॥ श्रीकृष्णः शरणं मम ॥

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધના શ્રીસુબોધિનીનો ગુજરાતી અનુવાદ સંપ્રદાયના પ્રસિદ્ધ વિદ્વાન શ્રી ગોવિંદલાલ ભટ્ટના સૂચનાથી મેં આશરે દશ વર્ષ પહેલાં કરેલ. તે તેઓશ્રી છપાવવાના હતા અને તેમણે પહેલા આઠ અધ્યાયોનો અનુવાદ છપાવ્યો પણ ખરો. પછી અધિક દ્રવ્યની જરૂર પડતાં તે કાર્ય બંધ રખાવવું પડયું, અને ત્યાર પછી તેઓશ્રીનો ભગવાનના ચરણ-કમલમાં વાસ થયો.

મુંબઇ નિવાસી પરમ ભગવદીય ભાઈશ્રી મંગલદાસના જાણવામાં ઉપરની વિગત આવેલી. મુંબઈ તથા બુરહાનપુરના શ્રી ગોવિંદરામ દ્વારકાદાસવાળા પરમ ભગવદીય ભાઈશ્રી બાલકિસનદાસે ભગવાનની નામ સેવા કરવાની પોતાની ઇચ્છા ભાઈશ્રી મંગલદાસને જણાવતાં, તેમણે તેમને આ પ્રથમ સ્કંધના ૯ થી ૧૯ અધ્યાયો ઉપરના શ્રી સુબોધિની છપાવવાની સૂચના કરી. તે તેમણે સહર્ષ સ્વીકારી. ત્યાર પછી પ્રેસની પસંદગી કરવામાં કેટલોક સમય વ્યતીત થયો. તે દરમ્યાન સરકારે રૂપીઆનું અવમૂલ્યન કરતાં છપાવવાનું ખર્ચ ઘણું વધી ગયું. છતાં શેઠ શ્રી બાલકિસનદાસે પોતે તે છપાવવાના વિચારમાં કાંઇ ફેરફાર ન કર્યો. તેથી આ અવશિષ્ટ અધ્યાયોના સુબોધિની પ્રસિદ્ધ થાય છે. પ્રુફ સર્વ પરમ ભગવદીય ભાઇ શ્રી મંગલદાસે સુધારેલાં છે. આ અનુવાદથી વૈષ્ણવોને શ્રીમદાચાર્યચરણની વાણી સમજવામાં આવશે તો પરમ ભગવદીય ભાઇ શ્રી ગોવિંદલાલ ભટ્ટની ઇચ્છા પૂર્ણ થશે; અને શેઠશ્રી બાલકિસનદાસનું દ્રવ્ય તથા શ્રીમંગલદાસનો શ્રમ સાર્થક થશે અને મને પણ ઘણો આનંદ થશે.

આરંભના આઠ અધ્યાયો છપાવતાં શ્રી ગોવિંદલાલ ભટ્ટે આ સ્કન્ધનો ઉપોદ્ઘાત છપાવેલ હોવાથી તે પુનઃ છપાવવાની આવશ્યકતા નથી.

**નાનુલાલ નારાયણદાસ ગાંધી.**

# અનુક્રમણિકા

| અધ્યાય | કથા | પૃષ્ઠ |
|---|---|---|
| ૯ | યુધિષ્ઠિર વિગેરે ભીષ્મ સમીપ ગયા. તેમને ભીષ્મે વિવિધ ધર્મોનો ઉપદેશ કર્યો. ભીષ્મે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. ભીષ્મની મુક્તિ. .... | ૧ |
| ૧૦ | ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકા ગમન. .... .... .... | ૩૬ |
| ૧૧ | દ્વારકાવાસીઓએ કરેલું ભગવાનનું અભિનંદન. ભગવાનના પુર પ્રવેશનું વર્ણન. .... .... .... .... | ૭૦ |
| ૧૨ | પરીક્ષિતનો જન્મોત્સવ. .... .... .... .... | ૧૦૪ |
| ૧૩ | વિદુરના ઉપદેશથી ગાંધારી સાથે ધૃતરાષ્ટ્રનું વનમાં જવા માટે પ્રસ્થાન. .... .... .... .... .... | ૧૨૩ |
| ૧૪ | અપશુકનનાં દર્શનથી યુધિષ્ઠિરને ચિન્તા અને દ્વારકાથી અર્જુનનું આગમન. .... .... .... .... .... | ૧૬૩ |
| ૧૫ | અર્જુન પાસેથી યદુકુળનો સંહાર અને ભગવાનનું તિરોધાન સાંભળી પાંડવોનું હિમાલય દિશામાં મહાપ્રયાણ. .... .... | ૧૮૨ |
| ૧૬ | પરીક્ષિતને રાજ્ય લાભ, તેનો દિગ્વિજય તથા તેનું ભૂમિધર્મ સંવાદનું શ્રવણ. .... .... .... .... | ૨૨૪ |
| ૧૭ | પરીક્ષિત અને ધર્મનો સંવાદ અને તેણે કરેલો કલિનો નિગ્રહ. .... | ૨૪૮ |
| ૧૮ | પરીક્ષિતને થયેલો મુનિકુમારનો શાપ. .... .... | ૨૭૯ |
| ૧૯ | પરીક્ષિતનું ગંગાતટે પ્રાયોપવેશન, ઋષિઓનો સમાગમ, શુકનું આગમન અને રાજાનો પ્રશ્ન. .... .... .... | ૩૧૯ |

॥ सूत उवाच ॥ સૂત કહે છે-

इति भीतः प्रजाद्रोहात्सर्वधर्मविवित्सया ॥
ततो विनशनं प्रागाद्यत्र देवव्रतोऽपतत् ॥१॥

**એવી રીતે પ્રજાના દ્રોહથી ભય પામેલ, સર્વ ધર્મો જાણવાની ઇચ્છાથી ત્યાંથી જ્યાં દેવવ્રત પડેલ ત્યાં કુરુક્ષેત્રમાં ગયો. ૧**

પ્રજાનો દ્રોહ થવા છતાં, શું મેં કર્યો છે કે મેં નથી કર્યો? (તે) અધર્મ ઉત્પન્ન કરનારો છે કે નહીં? એવા સંદેહને લીધે પ્રજાનો દ્રોહ ભય (થવા)નું કારણ હતો. તેથીજ સર્વ જાણનારથીજ સર્વ સંદેહો દૂર થાય એવા વિચારથી સર્વ તત્ત્વોનું જ્ઞાન થાય તે માટે સર્વ ધર્મોને જાણવાની ઇચ્છાથી, 'ત્યાંથી' હસ્તિનાપુરમાંથી 'विनशनं' કુરુક્ષેત્ર ગયો. ત્યાં પણ જ્યાં દેવવ્રત પડેલ હતો (ત્યાં ગયો). દેવના (વ્રત) જેવું વ્રત હતું જેનું તે દેવવ્રત. ભગવાનની (પ્રતિજ્ઞા) જેવી (તેની) બ્રહ્મચર્ય વિગેરે પ્રતિજ્ઞા હતી. તે પણ ભગવાન અદ્ભુત ચરિત્ર કરનાર હોવાથી પડેલ. ૧

તે સમયે ભીષ્મનો આદર કરવા સર્વ ગયા, એમ નીચેના શ્લોકથી કહે છે:-

तदा ते भ्रातरः सर्वे सदश्वैः स्वर्णभूषितैः ॥
अन्वगच्छन् रथैर्विप्रा व्यासधौम्यादयस्तथा ॥२॥

**ત્યારે તે ભાઇઓ ઉત્તમ અશ્વોવાળા સુવર્ણથી શણગારેલા રથોથી, (બીજા) સર્વે, (અને) વ્યાસ ધૌમ્ય વિગેરે વિપ્રો તેવી રીતે તેની પાછલ ગયા. ૨**

'તે' એટલે જે ભાઇઓએ પ્રજાનો દ્રોહ વિગેરે કરેલ તેઓ, અને બીજા સર્વ (ગયા). વિપ્રો પણ ગયા. તે (વિપ્રો) વેદવ્યાસ, પાંડવોએ પુરોહિત કરેલા ધૌમ્ય વિગેરે (હતા). ૨

(ભીષ્મને) મુક્તિ આપવા ભગવાનને પણ અવશ્ય જવાનું હોવા છતાં, યુધિષ્ઠિરનું પ્રિય કરવા (બધાની) સાથે જ પધાર્યા એમ નીચેના શ્લોકથી કહે છે:-

भगवानपि विप्रर्षे रथेन सधनञ्जयः ॥
स तैर्व्यरोचत नृपः कुबेर इव गुह्यकैः ॥३॥

**હે વિપ્રર્ષિ! ભગવાન પણ અર્જુન સાથે રથથી પધાર્યા. જેમ ગુહ્યકો સાથે કુબેર શોભે તેમ તે રાજા તેમનાથી શોભતો હતો. ૩.**

વસ્ત્ર આકાશ છે. 'શરીર' શબ્દથી 'આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે' એમ કહેવાયું. (આ) પહેલાનાં બે વિશેષણો પણ આકાશના સંબંધમાં સ્પષ્ટ જ છે.

**'अलककुलावृताननाब्जम्'** **'अलकाः'** છૂટા રાખેલા કેશો, તેઓના સમૂહોથી ઢંકાએલું છે **'आननाब्जं'** મુખકમલ જેનું (તેવું શરીર છે). **'अलम'** ઘણુંજ **ककुलैः** આનંદના સમૂહોથી **'आवृतम्'** 'આ' સર્વ તરફથી વીંટાએલું, કર, ચરણ, વિગેરે પ્રકારથી રહેલું, અથવા **'आ'** સર્વ બાજુએ **'ननं'** સદ્રૂપ **'अब्जम्'** સૂર્ય ચંદ્ર નક્ષત્ર લક્ષ્મી વીજળી મેઘ વિગેરે પ્રકારનું (શરીર છે). આનંદના અવયવોવાળા, આકાશ જેનું શરીર છે તેવા બ્રહ્મમાં દંત નેત્રની સ્થિતિ પ્રાપ્ત કરેલાં છે સૂર્ય વિગેરે આ (શરીર) ના, એમ કહેવાયું **'वम'** અમૃત **'पुष्णाति'** સર્વને આપે છે તે **'वपुः'** શરીર પરમાનંદ સ્વરૂપ છે. **'अलम्'** ઘણુંજ **'कम'** સુખ છે જેમનું તે (**अलकाः**) બ્રહ્મ જાણનારાઓ, તેઓના સમૂહોથી (વીંટાએલું મુખકમલ છે જેનું તેવું શરીર છે) અથવા તે (બ્રહ્મ જાણનારા) એ જ તે (**अलकाः**) કેશો છે, તેમનાથી વીંટાએલું અગ્નિ અને બ્રાહ્મણરૂપ **'आननमब्जम'** અને **'अब्जम'** આસનનું કમલ છે જેનું (તેવું શરીર છે). (કમલના) પત્રો ઉપર રહેલા સનક વિગેરે બ્રાહ્મણો, દેવો *જ્ઞાન વિગેરેથી વીંટાએલું છે. કમલના મધ્યભાગરૂપ આસન છે જેનું તેવું શરીર છે) એમ કહેવાયું. **'अब्ज'** (જલમાંથી ઉત્પન્ન થએલ) શબ્દથી સૂર્ય અને ચંદ્રના આવરણ સાથેનું કહેલ છે. આવું શરીર ધારણ કરનારમાં (મારો પ્રેમ હો). તેવા ભગવાન પણ ભક્તો ઉપર વહાલ રાખનારા છે એમ 'વિજયના મિત્ર' શબ્દથી કહેલ છે. વિજય એટલે અર્જુન. **विशिष्टः** ઉત્તમ છે **जयः** જય જેઓનો તે ('વિજય' એટલે) અંતઃકરણ વિગેરે ઉપર જય પ્રાપ્ત કરનારાઓ. તેઓ છે, મિત્રો જેમના તેવા, અથવા તેઓના મિત્ર (ભગવાન છે). તેમનામાં 'નિર્દોષ' અલૌકિક **'रतिः'** પ્રીતિ હો. સર્વથી ઉત્તમ અલૌકિક સર્વને દુર્લભ માત્ર ભગવાન વિષેનીજ પ્રીતિ તેવા (અંતઃકરણ વિગેરે ઉપર જય પ્રાપ્ત કરેલા) થઇએ ત્યારેજ થાય છે, તેથી આગળના[4] (શ્લોક ૩૪) સાથે વિરોધ (થતો) નથી. એવી રીતે સત્ત્વ સાથે ભળેલી સત્ત્વની અવસ્થા[5] કહી. ૩૩

નીચેના શ્લોકમાં રજઃ (ગુણ) થી ભળેલી રજઃ (ગુણ) વાળી અવસ્થા કહેછેઃ—

---

* 'જ્ઞાનીઓ' જોઇએ એમ જણાય છે.

૪. આગળ ૩૪ મા શ્લોકમાં ભગવાનને બાણ માર્યાનું કહે છે, તે આ પ્રેમની પ્રાર્થનાથી વિરુદ્ધ છે એમ જણાય, પરંતુ બાણ મારેલ ત્યારે અંતઃકરણ વિગેરે ઉપરનો વિજય પ્રાપ્ત કરેલ ન હતો, તેથી શ્લોક ૩૪ માં બાણ માર્યાનું કહેલ તેનો વિરોધ થતો નથી (प्र)

૫. આ સર્વને સુંદર જણાતી, સુખ અને પ્રકાશ કરનારી અવસ્થા હોવાથી સત્ત્વનું કાર્ય કરનારી હોઈ સાત્વિક સાત્વિક અવસ્થા છે. (प्र)

(ભગવાનમાં મારૂં અંતઃકરણ રહો). આથી (ભગવાનનું) ઘણું સામર્થ્ય અને કાલસ્વરૂપ (હોવાનું) સૂચવેલું છે.

વળી 'मम' મારો ઘણો અહંકાર, તેનાથી જે 'निश' નિશા, તેને 'इताः' પ્રાપ્ત થએલા, અહંકારથી અજ્ઞાનને પ્રાપ્ત થએલા, એવો અર્થ છે. તેઓ અને તે 'शराः' બીજાઓને ભેદનારાઓ, તેઓથી 'वि' ઘણાં 'भिद्यमानाः' છૂટા પડતા 'त्वचः' વેદો જેમના અથવા જેમનાથી તેવા (ભગવાનમાં મારૂં અંતઃકરણ રહો). પાખંડની પ્રવૃત્તિ થાય ત્યારે અથવા કલિકાલ થાય ત્યારે (ભગવાન સિવાય) બીજું (વેદરૂપ) ફલ રહેતું ન હોવાથી, અને ભગવાનમાં તે દોષ નથી તેનું કારણ (કહેલ છે).

ઘણું પ્રકાશતું હતું ધર્મ વિગેરેરૂપ કવચ જેમનું, આવા શ્રીકૃષ્ણમાં आत्मा (મારૂં) અંતઃકરણ રહો, કારણકે ભક્તિ અંતઃકરણથી પ્રાપ્ત થઇ શકે તેવી, અથવા આત્માથી પ્રાપ્ત થઇ શકે તેવી છે. તે બંને જો ભગવાનમાં રહે તો તેમનામાં ભક્તિ થાય છે. તેથી ગયા શ્લોકના અર્થ (ભગવાનને બુદ્ધિનું સમર્પણ કરવા) નું આ કારણ છે. ૩૪

નીચેના શ્લોકથી ત્રીજી* અવસ્થા કહે છેઃ-

**सपदि सखिवचो निशम्य मध्ये निजपरयोर्बलयो रथं निवेश्य ॥**
**स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति पार्थसखे मतिर्ममास्तु ॥३५॥**

**મિત્રનાં વચનનું શ્રવણ કરીને પોતાનાં અને શત્રુનાં સૈન્યો વચ્ચે તરત રથ મૂકીને રહેલા શત્રુના સૈનિકોનાં આયુષ્યને નયનથી હરતા, પાર્થના મિત્રમાં મારી મતિ રહો. ૩૫**

'सपदि' એટલે તે જ ક્ષણે. 'હે અચ્યુત! મારા રથને બંને સેનાઓની વચ્ચે મૂકો' (ભ. ગી. ૧-૨૧) એવું મિત્રનું વચન એટલે અર્જુનનું વચન (શ્રવણ કરીને) પોતાનાં અને શત્રુનાં સૈન્યો વચ્ચે (રથ મૂકયો). (આ ભગવાનનો) પક્ષપાત અને એક માટે બીજાને હણાવવારૂપ ત્રીજો ગુણ⊙ (કહ્યો). વળી શત્રુઓના સૈનિકોનું આયુષ્ય, નયનથી કાલરૂપ દૃષ્ટિથી (હરતા હતા), અને કુંતીના પુત્રના મિત્ર (હતા). (તેમના વિષે) મારી મતિ ઉપર[1] કહ્યું તે પ્રમાણે રહો. ૩૫

---

૬. ('अलंकृत+आ' સુધીનો ભાગ આવી ગયો. 'स्य' રહ્યું. 'सत्'માંથી 'त्'નો 'य्' થયો અને (सમાંના) अની પહેલાં તે મૂકવાથી 'सत्'નું 'स्य' થયું તેથી 'स्य'નો અર્થ 'सत्' કર્યો (प्र)

* તામસ તામસ અવસ્થા.

⊙ 'ત્રીજો ગુણ' એટલે તમોગુણ

૧ તેવા [illegible]

નીચેના શ્લોકથી રજોગુણ સાથે ભળેલા તમોગુણવાળી[1] અવસ્થા કહે છેઃ

**शितविशिखहतो विशीर्णदंशक्षतजपरिप्लुत आततायिनो मे ॥**
**प्रसभमभिससार मद्वधार्थं स भवतु मे भगवान् गतिर्मुकुन्दः ॥३८॥**

**તીક્ષ્ણ પાખંડીઓને હણનાર, જેમાં મચ્છરોનો નાશ થએલ છે તેવા સમયે થએલા છે ક્ષતો જેમને તેમનાથી સર્વ તરફથી વીંટાએલા જે હું આતતાયી સામે બલાત્કારથી મારો વધ કરવા આવ્યા તે ભગવાન મુકુંદ મારી ગતિ થાઓ. ૩૮**

આ યુદ્ધના નવમા દિવસનું સ્વરૂપ (કહેલું છે). ગયા શ્લોકમાં તો ત્રીજા દિવસનું (રૂપ કહેલું) તેથી (તે જ વિષય) ફરી કહેવારૂપ દોષ નથી. '**शिताः**' તીક્ષ્ણ '**विगतशिखाः**' (ચોટલી રહિત) પાખંડીઓ '**हताः**' હણેલા છે જેમણે (તેવા ભગવાન). '**विशीर्णदंशक्षतजपरिप्लुतः**' '**विशीर्णाः**' નાશ થએલા **दंशाः** મચ્છરો હોય છે જે સમયમાં, એટલે વર્ષા સિવાયના આઠ માસનો સમય, તેમાં **क्षताः** ક્ષતો (ચાઠાં અથવા ઘા) '**जाताः**' થએલા છે જેમને તે '**क्षतजाः**' સંન્યાસીઓ અથવા ઉત્તમ ક્ષત્રિયો, તેમનાથી '**परि**' સર્વ તરફથી '**प्लुतः**' વીંટાએલા (ભગવાન) (આ બે વિશેષણોથી ભગવાન અનુક્રમે અધર્મનો નાશ કરનાર અને ધર્મનું રક્ષણ કરનાર હોવાનું કહેલ છે. તેથીજ મને આતતાયી[1] ઘણા પાપીને હણવા માટે બલાત્કારે આવ્યા–યુદ્ધ ન કરનાર સાથે કરેલા યુદ્ધને લીધે પાપી થએલાને પણ મુક્ત કરવા પ્રવૃત્તિ કરનાર તે ભગવાન મારી ગતિ (મારાથી) પ્રાપ્ત થઇ શકે તેવા થાઓ, કારણકે તેમણે મને હણવાની પ્રવૃત્તિ કરી ન હતી, પરંતુ મુક્તિ આપવાની પ્રવૃત્તિ કરી હતી, એમ 'મુકુંદ' શબ્દથી કહેલું છે. ૩૮*

નીચેના શ્લોકથી સત્ત્વગુણ સાથે ભળેલા તમોગુણવાળી[2] અવસ્થા કહે છેઃ–

**विजयरथकुटुम्ब आत्ततोत्रे धृतहयरश्मिनि तच्छ्रियेक्षणीये ॥**
**भगवति रतिरस्तु मे मुमूर्षोर्यमिह निरीक्ष्य हता गताः स्वरूपम् ॥३९॥**

---

૧. '**आततायिनो मे**' એ સંબંધ જણાવનારી છઠ્ઠી વિભક્તિ છે. તેથી મારા સંબંધવાળા હોઈ મારો વધ કરવા આવ્યા એવો અર્થ છે તેમ હોવાથી તીક્ષ્ણ પાખંડીઓને હણવાનું રાજસ અને વધ કરવા આવવું (તામસ) હોઇ, આ રાજસતામસ અવસ્થા થઇ. (प्र)

* આ શ્લોકનો સામાન્ય અર્થ નીચે પ્રમાણે છેઃ– "તીક્ષ્ણ બાણોથી ઘવાએલા છિન્નભિન્ન થએલ કવચવાળા, પ્રહારથી થએલ લોહીથી ખરડાએલા જે હું આતતાયી સામે બલાત્કારથી મારો વધ કરવા આવ્યા, તે ભગવાન મુકુંદ મારી ગતિ થાઓ." '**विशीर्णदंशः**' પાઠ પણ છે.

૨. અતિ સુંદર હોઈ સુખ ઉત્પન્ન કરે તે સાત્ત્વિક, અને હણાએલાને સ્વરૂપ પ્રાપ્ત કરાવે તે તામસ કાર્ય. તેથી આ શ્લોકમાં સાત્ત્વિકતામસ અવસ્થા કહી (प्र)

નથી, કારણકે તેમને માટે જ[૪] તેમ થએલું છે. અંશોમાં[૫] તો પાલન કરનારાઓની પેઠે પોતાની મેળે જગત્ રચવાની શક્તિ નથી.

'પ્રયોજન લક્ષ્યમાં રાખ્યા વિના મૂર્ખ પણ (કાર્ય કરવાની) પ્રવૃત્તિ કરતો નથી, તેથી પોતાનાં પ્રયોજન વિના માત્ર બીજા (જીવો) માટે (ભગવાન કાર્ય) કેમ કરે?' તેથી 'सख्यनुगीतसत्कथः' એમ કહેલું છે. હે સખિ! अनु પાછલથી (ચરિત્ર) કર્યા પછી, 'गीता' રાગ સાથે પ્રકટ કરાએલી છે સત્પુરુષોની કથા જેમની તેવા (ભગવાન છે). ભગવાનનું પ્રયોજન એવું છે કે તેવું (ચરિત્ર) કરવામાં આવે ત્યારે સત્પુરુષો તેનું કીર્તન કરે. અથવા 'सखिभिः' સખ્ય (ભક્તિ) સુધી પહોંચેલાએ 'अनुगीता' ભગવાને કહ્યા પછી રાગ સાથે કહેલી છે 'सद्रूपा' ભગવદ્રૂપ 'कथा' કથા જેમની, તેવા (ભગવાન છે). જીવોને મુક્તિ આપવા માટે તેમ કરે છે, એવો અર્થ છે. આ અર્થ પ્રમાણે કૃપાથી બીજાઓનું દુઃખ દૂર કરવા (ભગવાનની પ્રવૃત્તિ થાય છે એમ કહ્યું.

'આમાં[૬] પ્રમાણ શું?, કારણકે ભગવાન પોતે આવીને કહેતા નથી, પરંતુ કવિઓએ રચેલું કહેનારા જ છે' એવી શંકા થાય, તેથી 'છૂપા રાખવા યોગ્ય વેદોમાં છૂપું રાખવા યોગ્ય કહેનારાઓ' એમ કહેલું છે, છૂપા રાખવા યોગ્ય વેદો ઉત્તમ ઉપનિષદોમાં 'જેમાંથી વ્રતો સ્પષ્ટ દેખાયાં તે વિષ્ણુનાં કર્મો જૂઓ.' 'અરે આત્માનું દર્શન કરવું જોઇએ, શ્રવણ કરવું જોઇએ' એમ 'અંત વિનાના જલમાં' એમ જૂદા જૂદા પ્રકરણમાં ભગવાનના સર્વ ગુણો કહીને, 'જે આમને જાણે છે તેઓ અમૃત થાય છે' એમ છેવટે ભગવાનનાં સ્વરૂપનાં ગુણોના જ્ઞાન પછી ભગવાનનું સ્વરૂપ કહેલું છે, અને તેવી રીતે 'ભક્તિથી મને જાણે છે' (ભ. ગી.૧૮–૫૫) 'શ્રવણ કરે છે ગાન કરે છે' (૧-૮-૩૫) 'મારાં વીર્યોનો આદર કરે છે' (૩–૨૫–૩૪) વિગેરે વાક્યોથી છૂપું રાખવા યોગ્ય જ કહે છે, એમ છૂટું છૂટું કહેલ છે. 'જૂદા જૂદા પ્રકરણોમાં જણાવેલ ભગવાન પ્રકરણના ભેદથી જૂદા (જૂદા) થાય, કારણકે શબ્દ જૂદો (જૂદો) કહેવામાં આવે તેની પેઠે પ્રકરણ પણ જૂદું કરનારૂં છે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. સર્વ પ્રકરણોમાં કહેલા ભગવાન એક જ છે, (તેવું) 'સર્વ વેદાન્તોથી જેનું જ્ઞાન થાય છે તે બ્રહ્મ છે, કારણકે વિધિનાં વાક્યોમાં ભેદ નથી' (બ્ર. સૂ. ૩–૩–૧) માં અને 'સર્વ (વેદાંતો) માં પ્રસિદ્ધ (બ્રહ્મ) નો જ ઉપદેશ છે' (બ્ર. સૂ. ૧–૨–૧) માં કહેલું

૪. જીવોને માટે જ પ્રપંચ ભોગ્ય તરીકે બતાવેલ છે, તેથી ભોગ્યપણાંનો પોતાનો સ્વભાવ તે દર્શાવે છે, તે ગુણ જ છે (પ્ર)

૫. જીવો ભોક્તા છે પણ જગતના કર્તા નથી. માત્ર જગતમાં કર્તાપણું અને ભોગવનારપણું સાથે જોવામાં આવે, તેથી બધામાં તેવું હોતું નથી (પ્ર)

૬. 'આમાં' એટલે પાછળથી ગાન થાય તેમાં (પ્ર)

આત્માનો સાક્ષાત્કાર કરવા પાછું વાળી અંદર લઇ ગએલાં હૃદયમાં પ્રવેશ કરેલાં ચક્ષુથી પોતાના આત્માને જૂએ છે, તેમ ભગવાન બહાર રહેલા હોય ત્યારે ભક્તિથી 'उत्कलितेन' ઉંચા થએલાં (ખુલ્લાં થએલાં) બહાર આવેલા ચક્ષુમાં પ્રવેશેલા અંતઃકરણથી ભગવાનનાં દર્શન કરે છે, એવો અર્થ છે.

"છતાં પણ 'તે તું છે' વિગેરે વાક્યોથી જેનો ઉપદેશ કરાએલો નથી તે આત્મા કેમ હોય?" એવો પ્રશ્ન થાય, તેથી હે સખિ! 'આ તે તું છે' એમ કહેલું છે. 'ननु' 'હે સખિ' એવું કોમલ સંબોધન (કરેલું છે), આ જ 'તે આત્મા' તરીકે ઉપદેશ કરાએલા છે, એવો અર્થ છે. 'એમ કેમ હોય?' એવો પ્રશ્ન થાય, તેથી 'તે તું છે' એમ કહેલું છે. 'તે જ તું છે' એવો અર્થ છે. 'એમ ભગવાનનો જીવાત્મા તરીકે ઉપદેશ કરવાનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય, તેથી 'નાશ કરો' એમ કહેલું છે. આત્મામાં પ્રકૃતિના સંબંધથી જે આ જડનો વર્ગ ભળેલો છે તેને 'परितः' સર્વ તરફથી વાસના સાથે દૂર કરો. આત્મા તરીકે ઉપદેશ કરેલા ભગવાન વાસના સાથે પ્રકૃતિનાં કાર્યનો નાશ કરે છે, એવો અર્થ છે. ૨૨

એવી રીતે સર્વ પ્રકારે આ સાક્ષાત્ ભગવાન જ છે એમ કહેવામાં આવ્યું, ત્યારે 'પ્રપંચના કર્તા તરીકે (તેમને) ભોગ કરનાર વિગેરેની સ્થિતિ પ્રાપ્ત થતાં (તે) જીવની સમાન[1] થાય,' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:-

**स वा अयं सख्यनुगीतसत्कथो वेदेषु गुह्येषु च गुह्यवादिभिः ॥**
**य एक ईशो जगदात्मलीलया सृजत्यवत्यत्ति न तत्र सज्जते ॥२३॥**

**હે સખિ! જેમની કથાનું પાછલથી સત્પુરુષોએ ગાન કરેલું છે અને છૂપા રાખવા યોગ્ય વેદોમાં છૂપું રાખવા યોગ્ય કહેનારાઓએ (ગાન કરેલું છે), જે ઇશ્વર એકલા પોતાની લીલાથી જગતને સર્જે છે, (તેનું) રક્ષણ કરે છે, અને લય કરે છે, (પણ) તેમાં આસક્ત થતા નથી, તે નિશ્ચય આ છે. ૨૩**

કર્તાપણાં સાથે ભોગવનારપણું કોઇક જ પ્રસંગે, જ્યાં સ્વાર્થથી કરવામાં આવતું હોય ત્યાં જ હોય છે. ભગવાન તો જીવો માટે કરે છે, તેથી ભોગવનાર થતા નથી. જીવ સ્વરૂપથી જ ભોગવનાર થાય છે. તે સ્વરૂપથી દોષનો સંબંધ થાય, તેમાં દોષ નથી, કારણ કે દાંત કેશ વિગેરેને સફેદાઈ વિગેરેનો* સંબંધ થતાં, અંશી દેહને કાંઇ ક્ષતિ[2] થતી નથી. અંશોમાં તો તે[3] ગુણ જ છે, દોષ

---

૧ અહંતા મમતાને લીધે સંસારમાં આસક્તિ થાય, એવો અર્થ છે (प्र)

* 'વિગેરે' શબ્દથી કેશની કાળાશ કહેલી છે.

૨. 'ક્ષતિ' એટલે સૌંદર્યની હાનિ (प्र)

૩. 'તે' એટલે (દાંતની) સફેદાઇ, (કેશની) કાળાશ. (प्र)

# ॥ अथैकादशोऽध्यायः ॥

## અધ્યાય અગીઆરમો.

एवं कौरवभक्तानां सर्वसौख्यं निरूपितम् ॥
द्वारकास्थितभक्तानामेकादश उदीर्यते ॥१॥

એવી રીતે કૌરવભક્તોનું સર્વ (પ્રકારનું) સુખ કહ્યુ, અગીઆરમા (અધ્યાય) માં દ્વારકામાં રહેલા ભક્તોનું સુખ કહે છે. કા ૧.

प्रवेशे च प्रविष्टस्य स्थितस्याप्युत्सवस्त्रिधा ॥
प्राकृतानामिव स्नेहः शास्त्रार्थं जानतामपि ॥२॥
कृष्णेच्छातस्तदित्युक्त्वा प्रत्यापत्तिर्निरूप्यते ॥

(ભગવાને) પ્રવેશ કર્યો ત્યારે, પ્રવેશ કરેલાનો, અને વળી રહેલાનો (એમ) ત્રણ પ્રકારનો ઉત્સવ કહેશે. શાસ્ત્રાર્થ જાણનારાઓને પણ પ્રાકૃત[1] (પુરુષો) જેવો પ્રેમ થયો. તે શ્રીકૃષ્ણની ઈચ્છાથી (થયું) એમ કહી (પહેલાનું સુખ) ફરી પ્રાપ્ત થયાનું કહેલ છે. કા. ૨॥

ગયા અધ્યાયના અંતે ભગવાન દ્વારકામાં પ્રવેશ કરે તે માટે ઉત્તમ મુહૂર્ત (થયાનું) કહ્યું. અહીં પ્રવેશ કરતાં પ્રથમ મંગલ થયાનું કહે છે.

शङ्खनादस्तथा स्निग्धदर्शनं स्तोत्रमेव च ॥३॥
दूरान्मङ्गलमेतद्धि कलशादिस्तथाऽन्तिके ॥

શંખનાદ, તેમજ પ્રેમવાળી દૃષ્ટિ અને વળી સ્તુતિ, આ દૂરથી થએલ મંગલ છે. તેવી રીતે કલશ વિગેરે સમીપમાં (થએલ) મંગલ છે. કા. ૩॥

दुःखिते नगरे कृष्णो न प्रवेशमिहार्हति ॥४॥
अतः शङ्खनिनादेन सुखिनस्तान् करोति हि ॥

અહીં દુઃખી થએલા નગરમાં શ્રી કૃષ્ણ પ્રવેશ કરે નહીં, તેથી શંખનાદથી તેઓને નિશ્ચય સુખી કરે છે. કા. ૪॥.

द्वारका जलदुर्गं हि तदन्ते नगरं महत् ॥५॥
आनर्ताख्यं तत्प्रवेशः पूर्वं पश्चात्पुरस्य हि ॥

---

૧. સાત્ત્વિક વિગેરે ત્રણ પ્રકારના ભેદવાળા હોવાથી તેમને પ્રાકૃત પુરુષ જેવો પ્રેમ થયો. (प्र)

દ્વારકા જલના કિલ્લાવાળી હતી. તેના આગળના ભાગમાં 'આનર્ત' નામનું મોટું નગર હતું. પહેલાં તેમાં પ્રવેશ કર્યો, પછી પુર (દ્વારકા) માં (પ્રવેશ કર્યો.) કા. પા.

તેથી ભગવાને આનર્ત નગર પાસે જઇ પાંચજન્ય (શંખ) વગાડયો એમ નીચેના શ્લોકથી કહે છે:—

॥ सूत उवाच ॥ સૂત કહે છે:-

**आनर्तान् स उपव्रज्य स्वृद्धान् जनपदान् स्वकान् ॥**
**दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥१॥**

**પોતાનાં ઘણાં સમૃદ્ધ આનર્ત ગામ પાસે આવી, તેઓના શોકની શાંતિ કરતા હોય તેમ તેમણે ઉત્તમ શંખ વગાડયો. ૧**

'आनर्तान्' શબ્દમાં બહુવચન છે તે વચલા ગામોના અભિપ્રાયથી (મૂકેલું છે). 'स्वृद्धान्' એટલે અનાજ ધન વિગેરેથી સારી રીતે સમૃદ્ધ થએલા. 'स्वकान्' એટલે પોતાનાં, દ્વારકા રહેવા આવ્યા પછી વસાવેલાં. 'જેનો નાદ દાનવોના અહંકારને હરનારો છે' એ વાકય પ્રમાણે અમંગલરૂપ દૈત્યોને દૂર કરવા 'दरवरम' શ્રેષ્ઠ શંખ (પાંચજન્ય) વગાડયો. ૧.

ભગવાનથી વગાડાતા શંખનું કોઇકે વર્ણન કર્યું, તે પણ નીચેના શ્લોકથી કહે છે:—

**स उच्चकासे धवलोदरो दरोऽप्युरुक्रमस्याधरशोणशोणिमा ॥**
**दाध्मायमानः करकञ्जसम्पुटे यथाऽब्जषण्डे कलहंस उत्स्वनः ॥२॥**

**જેમ કમલના સમૂહમાં મોટો અવાજ કરનારો હંસ શોભે તેમ શ્વેત અંદરના ભાગવાળો પણ મોટાં ડગ ભરનારના અધરની રતાશથી લાલ થએલો, કરકમલોના પોલાણમાં (રાખી) વગાડાતો તે શંખ ઘણો શોભતો હતો. ૨**

તે શંખ ऊर्ध्वं અત્યંત શોભતો હતો. શ્વેત હતું 'उदर' અંદરનો ભાગ જેનો, એવો શંખ મોટાં ડગ ભરનાર (ભગવાન) ના અધરના રાતા રંગથી शोणिमा લાલ રંગનો થએલો. બે કરકમલોની મધ્યેના પોલાણમાં, જેમ કમલના સમૂહમાં મોટો અવાજ કરનારો હંસ હોય તેમ (શોભતો હતો.). ૨

પાંચજન્યનો અવાજ સાંભળીને, બધા દેશ અને નગરના વાસીઓ નિશ્ચયપૂર્વક ભગવાન પધારેલા છે એમ જાણીને, પરમાનંદથી સંતોષ પામેલા હોવા છતાં પણ (ભગવાનનાં) દર્શન કરવા (તેમની) પાસે ગયા, એમ નીચેના શ્લોકથી કહે છે:—

શકે તેવી ઉપમાથી વર્ણન કરવું જોઇએ, એવો સિદ્ધાંત કહેવા નીચેનો શ્લોક કહે છેઃ—

**सितातपत्रव्यजनैरुपस्कृतः प्रसूनवर्षैरभिवर्षितः पथि ॥**
**पिशंगवासा वनमालया बभौ घनो यथाऽर्कोडुपचापवैद्युतैः ॥२७॥**

**શ્વેતછત્ર અને ચમરીઓથી શોભતા, માર્ગમાં પુષ્પોની વૃષ્ટિઓથી છંટકારાતા પિશંગ (રંગના) વસ્ત્રવાળા–જેમ વાદળું સૂર્ય ચંદ્રો, મેઘધનુષ્ય અને વિજળીથી શોભે તેમ–વનમાલાથી શોભતા હતા. ૨૭.**

'**सितातपत्रम्**' શ્વેત છત્ર અને व्यजने બે ચમરીઓ, તે શ્વેત છત્ર અને ચમરીઓ, સર્વ તરફથી કરવામાં આવેલી પુષ્પોની વૃષ્ટિઓ, જૂદા જૂદા પુરુષોથી કરાતી હોવાથી અથવા જૂદાં જૂદાં પુષ્પો હોવાથી બહુવચન (યોજેલું છે). પીતાંબર સદાનું (વસ્ત્ર) હોવા છતાં રૂપવાળા (ભગવાન) ના વર્ણનમાં (રૂપનાં) કારણ તરીકે કહેલું છે. વનમાલાથી જણાતા અથવા વનમાલા સાથેના (ભગવાન શોભતા હતા); અથવા એ પ્રમાણેની સર્વ સામગ્રીઓ હતી ત્યારે વનમાલાથી જ શોભતા હતા. જેમ વચમાં શ્યામ વાદળું હોય, ઉપર સૂર્ય (હોય), પડખે ફરતા બે ચંદ્રો હોય, અને કેડ ઉપર સ્થિર વીજળી હોય, અને બે ઈન્દ્રધનુષ્ય બંને પડખે ભેગાં થએલ હોય, ત્યારે ભગવાન જેવું (દશ્ય) થાય, એવી ન હોઇ શકે તેવી ઉપમા (કહી). ૨૭

એ પ્રમાણે વર્ણન સમાપ્ત કરીને નીચેના શ્લોકથી આરંભી સંબંધીઓનો ઘણો સ્નેહ કહે છેઃ–

**प्रविष्टस्तु गृहं पित्रोः परिष्वक्तः स्वमातृभिः ॥**
**ववन्दे शिरसा सप्त देवकीप्रमुखास्तदा ॥२८॥**

**માતપિતાના ઘરમાં પ્રવેશ કરેલા. પોતાની માતાઓથી ભેટાએલાએ તો તે સમયે દેવકી જેઓમાં મુખ્ય હતી તેવી સાત (માતાઓ)ને શિરથી નમન કર્યું. ૨૮**

'तु' 'તો' શબ્દ પહેલાંનું વર્ણન (હવે થતું) ન હોવાનું જણાવે છે. 'पित्रोः' એ (દ્વિવચનવાળા) શબ્દથી બધી માતાઓ એક (હોવાનું જણાવેલ છે), કારણ કે તેઓના ગુણ અને સ્વભાવ જૂદા ન હતા, અને જૂદાઇનું કારણ[1] ન

૧ સ્ત્રીઓના ગુણ અને સ્વભાવ જદા જદા હોય તો તે જદા ઘરમાં રહેવાનું કારણ થાય, તેવું ન હતું. (પ્ર)

એવી રીતે પોતે પરાજય પામેલી અને અશક્ત હોવા છતાં પણ, અજ્ઞાનને લીધે, પોતાના* ગુણનો ભગવાનમાં આરોપ† કરે છે, એમ નીચેના શ્લોકથી કહે છે.

**तमयं मन्यते लोको ह्यसंगमपि सङ्गिनम् ॥**
**आत्मौपम्येन मनुजं व्यापृण्वानं यतोऽबुधः ॥३७॥**

**મનુષ્યના જેવી ચેષ્ટા કરનાર સંગરહિત હોવા છતાં પણ તેમને આ લોક પોતાની સરખામણીથી સંગવાળા માને છે, કારણકે અજ્ઞાની છે. ૩૭**

મૂર્ખ લોક ભગવાન સંગરહિત હોવા છતાં (તેમને) પોતાનાં દૃષ્ટાંતથી સંગવાળા માને છે. 'ભગવાન સંગવાળા છે, વિષય સાથેના મનવાળા હોવાથી, દેવદત્તની પેઠે' એવાં ઉપાધિ⊙ તજી દઇને કરેલાં અનુમાનથી ભગવાનને પણ સંગવાળા માને છે તે (સંબંધ) માં વિચાર કરનારાઓ પણ ઉપાધિને તજે છે તેનું કારણ 'મનુષ્યના જેવી ચેષ્ટા કરનાર' વિશેષણથી કહેલું છે. પોતાને[1] જેમ લોક† મનુષ્ય માને તેવી ચેષ્ટા કરનારા ભગવાન છે. તેથી તાત્પર્ય ન જાણવાને લીધે, અજ્ઞાનીપણું વિગેરે જણાવવામાં જીવરૂપ ઉપાધિ હોવાથી, અને તે (લોક) જાણતા ન હોવાથી તેમ (સંગી) માને છે તેથી અજ્ઞાની છે, એવો અર્થ છે. ૩૭

"(ભગવાન મનુષ્ય છે એમ) જણાવનારી (ભગવાનની) ક્રિયા જેમ (મનુષ્યોમાં) અજ્ઞાન ઉત્પન્ન કરનારી છે, તેમ પોતાના આધાર (ભગવાન) માં હલકાપણું કરાવનારી પણ છે, કારણ કે લોકમાં તેવુંજ સદાનું સાહચર્ય જોવામાં આવે છે 'અજ્ઞાનપણું વિગેરે જીવપણાંની સાથે રહેલાં હોય છે, કારણકે દોષથી ઉત્પન્ન થએલાં છે, મૂર્છા વિગેરેની પેઠે' એવાં સંદેહરહિત અનુમાનથી (ભગવાન) જીવ હોવાનું પણ જણાવે છે. વળી ભ્રમ ઉત્પન્ન કરનાર તરીકે ઠગનાર હોવાથી પણ (તે) જીવ છે. 'જીવ હોય તો ઠગવાનું નકામું થાય' એમ પણ ન કહેવું, કારણ કે મુક્ત જીવો પણ તેમ કરે છે (ઠગે છે). પોતાને બંધન થાય એવા ભયથી જ તેઓ તેમ કરતા જોવામાં આવે છે, બીજા પ્રયોજનથી (તેમ) કરતા નથી'. એવી શંકા[2] થાય, તેથી (ભગવાનમાં) જીવથી ભેદ હોવાનું કહેતાં, વિષયનો સંબંધ જીવપણું જણાવનારો નથી, એમ નીચેના શ્લોકથી કહે છે:--

* † ભગવાનની સ્ત્રી એવી શક્તિવાળી હોવા છતાં ભગવાનનાં મનને જીતી શકી નહીં, છતાં લોક અજ્ઞાનને લીધે પોતાનો સંગવાળા હોવાનો ગુણ, ભગવાનમાં પણ હોવાનું માને છે એવો અર્થ જણાય છે.

⊙ જીવપણું પોતાનો ખાસ ગુણ છે, તે ભગવાનમાં નથી. જીવપણાંને લીધે પોતે સંગી છે તે વિચાર્યા વિના એવું અનુમાન કરે છે, એવો ભાવ જણાય છે.

૧ 'પોતાને' એટલે પોતાના સ્વરૂપને, ભગવાનનાં સ્વરૂપને (પ્ર)

૨ ઉપર કહેલ અનુમાનથી ભગવાન જ્ઞાની જીવ જેવા હશે, એવી શંકા થાય (પ્ર)

## ॥ अथ द्वादशोऽध्यायः ॥

### અધ્યાય બારમો

**एवमैकाग्र्यसिद्धयर्थं सर्वं कार्यं निरूपितम् ॥**
**अधुना श्रोतृदेहस्य रक्षणं विनिरूप्यते ॥१॥**

એવી રીતે[1] એક કાર્યમાં ચિત્ત રહે તે માટે સર્વ કાર્ય કહ્યું. હવે[2] (ભાગવતનું) શ્રવણ કરનારના દેહનું રક્ષણ કહેવામાં આવશે. કા. ૧

**यथा वेदान्तविज्ञाने पञ्चाग्नौ देहसम्भवः ॥**
**तथा भागवतज्ञाने ब्रह्माग्नौ बोधसंयुते ॥२॥**

જેમ વેદાંતોનું જ્ઞાન થવામાં પંચાગ્નિમાં દેહની ઉત્પત્તિ (જોઇએ), તેમ ભાગવતનું જ્ઞાન થવામાં જ્ઞાનવાળા બ્રહ્માગ્નિ (બ્રહ્માસ્ત્રના અગ્નિ) માં (દેહની ઉત્પત્તિ જોઇએ).[3] કા. ૨

**सर्वलक्षणसम्पन्नः सर्वदोषविवर्जितः ॥**
**बीजसंस्कारसहितः श्रोता भागवते नृपः ॥३॥**

સર્વ લક્ષણો પ્રાપ્ત કરેલો, સર્વ દોષ વિનાનો, બીજના સંસ્કાર સાથેનો રાજા ભાગવતનું શ્રવણ કરનાર છે. કા. ૩

(કથા) ઘણી છૂટી પડી ગએલી હોવાથી શૌનક નીચેના શ્લોકથી પહેલાંની કથાનું સ્મરણ કરાવે છે.

॥ शौनक उवाच ॥ શૌનક કહે છેઃ-

**अश्वत्थाम्नोपसृष्टेन ब्रह्मशीर्ष्णोरुतेजसा ॥**
**उत्तराया हतो गर्भ ईशेनाजीवितः पुनः ॥१॥**

**અશ્વત્થામાએ મૂકેલા ઘણાં તેજવાળાં બ્રહ્માસ્ત્રથી ઉત્તરાનો ગર્ભ હણાએલો. ઇશ્વરે તેને ફરી સજીવન કરેલો. ૧**

તમારાં વાક્યોનો સારી રીતે સંબંધ મેળવતાં આમ જણાય છે. અશ્વત્થામા ઉત્તમ બ્રાહ્મણ હોવાથી, અને તેણે પસંદ કરેલું બ્રહ્માસ્ત્ર સદા સફલ હોવાથી

---

૧ 'એવી રીતે' એટલે (૭ થી ૧૧ સુધીના) પાંચ અધ્યાયોમાં કહેલા પ્રકારથી (प्र)

૨ 'હવે' એટલે બારમા અધ્યાયમાં (प्र)

૩ 'બળી ગયા પછી એવી રીતે રક્ષણ કેમ કર્યું?, કારણકે ભગવાનમાં તે બળ્યા પહેલાં પણ રક્ષણ કરવાની શક્તિ હતી' એવી શંકા થાય, તેથી બીજી અને ત્રીજી એ કારિકાઓ કહેલી છે (प्र)

## ॥ अथ त्रयोदशोऽध्यायः ॥

### અધ્યાય તેરમો.

एवं भागवतश्रोतुर्देहोत्पत्तिर्निरूपिता ॥
पुरुषत्रयमुक्तिर्हि तन्मुक्त्यर्थं निरूप्यते ॥१॥

એવી રીતે ભાગવતનું શ્રવણ કરનારના દેહની ઉત્પત્તિ કહી. તેની મુક્તિ થાય તે માટે (તેના) ત્રણ પુરૂષો (વડવાઓ) ની મુક્તિ કહેવામાં આવશે. કા. ૧

पिता पितामहश्चैको धृतराष्ट्रस्ततः परः ॥
प्रपितामहमुक्तिर्हि पूर्वं ततः निरूप्यते ॥२॥

(૧) પિતા, (૨) દાદાઓ એક (ગણીને), (૩) તેમનાથી ઉપર ધૃતરાષ્ટ્ર (એ ત્રણ પુરુષોની મુક્તિ કહેવાની છે), તેથી પહેલાં (આ અધ્યાયમાં) પ્રપિતામહ (દાદાના પિતા ધૃતરાષ્ટ્ર) ની મુક્તિ કહેવામાં આવશે, કા. ૨

ततोऽध्यायद्वयेनैव द्विरूपत्वात्पितामहे ॥
सनिमित्तां मुक्तिमाह हेतुकार्यविभेदतः ॥३॥

પછી દાદાઓના સંબંધમાં કારણ[1] અને કાર્યના[2] ભેદથી (મુક્તિ) બે પ્રકારની હોવાથી (ચૌદમા અને પંદરમા) બે અધ્યાયોથીજ નિમિત્ત[3] સાથેની મુક્તિ કહેશે. કા. ૩

अमुक्तपितृका मुक्तिं नाप्नुवन्तीति वार्यते ॥
अतो निश्चिन्ततासिद्ध्यै चित्तशुद्धिरिहोच्यते ॥४॥

જેમના પિતાઓ મુક્ત થએલા ન હોય તેઓ મુક્તિ પ્રાપ્ત કરતા નથી, તેથી (તેઓની અમુક્તિ) રહી ન હોવાનું કહેલ છે. તેથી નિશ્ચિત થાય તે માટે અહીં[4] (તેઓનાં) ચિત્તની શુદ્ધિ કહેલી છે. કા. ૪

ततो द्वयेनेन्द्रियाणां राज्यशौर्यादिवर्णनैः ॥
ततो वैराग्यसत्सङ्गावधिकारः फलोन्मुखः ॥५॥
ततो भवति पुष्टोऽपि नान्यथेत्यग्रिमा कथा ॥

---

१. 'કારણ' ભગવાન પધારી ગયા તે (प्र)
२. 'કાર્ય' પોતાના લયનું ચિંતન વિગેરે (प्र)
३. 'નિમિત્ત'. ભગવાન પધારી ગયા તે સૂચવનારાં ઉત્પાતો વિગેરેનું દર્શન વિગેરે (प्र)
४. અધ્યાય ૧૩ થી ૧૫ માં રાજા (યુધિષ્ઠિર) નાં ચિત્તની શુદ્ધિ કહેલી છે, કારણ કે તે મુક્તિ થવામાં ઉપયોગી છે (प्र)

**હે બ્રહ્મન્! તે બંધુને આવેલો જોઇને, નાના ભાઇઓ સાથે ધર્મનો પુત્ર, ધૃતરાષ્ટ્ર અને યુયુત્સુ, સૂત, શારદ્વત, કુંતી, ગાંધારી દ્રૌપદી સુભદ્રા અને ઉત્તરા કૃપી અને પાંડુની બીજી કુલસ્ત્રીઓ, પુત્રો સાથે અને સર્વ તરફથી સ્ત્રીઓ સાથે જ્ઞાતિના પુરુષો – જેમ પ્રાણ આવતાં દેહના અવયવો (કરે) તેમ – હર્ષથી તેની તરફ ગયા. વિધિ પ્રમાણે ભેટીને અને નમસ્કાર કરીને મળ્યા, અને વિરહમાં થએલ ઘણા પ્રેમથી દીન બનેલાઓએ પ્રેમથી આવેલ આંસુનો સમૂહ પાડ્યો. જેણે આસનનો સ્વીકાર કરેલો છે તેવા તેનું રાજાએ પૂજન કર્યું. ૩–૪–૫–૬.**

બંધન થાય છે આનાથી તે બંધુ. સુખ દુઃખ જ્ઞાન અને મોક્ષથી અધિકાર પ્રમાણે (બંધુપણાંનો) નિર્ણય[1] થાય છે. આવેલો જોઇને (તેની તરફ ગયા). બીજાના (ધૃતરાષ્ટ્રના) કાર્ય માટે આવેલ, તેથી દૂરથી જણાવેલું નહીં, જેથી સામા જાય. 'સૂત' સંજય, શારદ્વત કૃપ, કારણકે તે શર (બરુ) ના ગુચ્છમાંથી જન્મેલો. 'હે બ્રહ્મન્' એ સંબોધન સ્ત્રીઓની ગણના થતાં વિકાર ન થાય તે માટે (કરેલું છે). કૃપી દ્રોણની પત્ની. **'जामयः'** એટલે કુલની સ્ત્રીઓ, દિયરની લાજ ન હોય, તેથી 'પાંડુની' એમ કહેલું છે. **'ज्ञातयः'** એટલે (જ્ઞાતિના) પુરુષો. સુતો સાથે અને આ સર્વ તરફથી સ્ત્રીઓ સાથે, (એટલે) કુટુંબો સાથે જ્ઞાતિના પુરુષો (તેની તરફ ગયા), એવો અર્થ છે **'प्रत्युज्जग्मुः'** સામું મુખ રાખીને ગયા. **'तन्व इव'** કર ચરણ વિગેરે (દેહના અવયવો) પેઠે. **'अभिसंगम्य'** મળીને. **'विधिवत्'** શાસ્ત્ર પ્રમાણે યોગ્ય હોય તેમ કેટલાકે નમન કર્યું. પ્રેમથી આંસુનો સમૂહ (આવેલ). વિરહમાં **औत्कण्ठ्यं** ઘણો પ્રેમ, તેનાથી **'कातराः'** દીન થએલા. પહેલાં જ્યારે તે ગયો ત્યારે જે પ્રેમ થએલો, તે ભગવાનના પ્રેમ જેવો આનંદરૂપ ન હોવાથી*, તે પ્રેમથી દીન થએલા, કારણકે વિષય (વિદુર) ની પ્રાપ્તિ થએલી નહીં એ પ્રમાણે સર્વ પાસે રહેલા, ત્યારે મુખ્યને પૂજા કરવાનો અધિકાર હોવાથી, રાજાએ તેનું પૂજન કર્યું. આસન આપ્યું ત્યારે સ્વીકારેલું હતું આસન જેણે તેવા (વિદુરની પૂજા કરી). આથી એમ સૂચવેલ છે કે તેણે પૂજન ન કરવાનું કહ્યું ન[2] હતું. ૩–૪–૫–૬.

૧ જ્ઞાન અને મોક્ષથી બંધન થાય તે સત્ત્વગુણ જેવું જાણવું, કારણકે તે બે (જ્ઞાન અને મોક્ષ) પણ ગુરુ તરીકે આસક્તિ કરાવનારાં છે (प्र)

* મુંબઇ પ્રેસવાળી પ્રતમાં **'क'** પુસ્તકનો પાઠ જણાવેલ તે લીધો છે

૨ યુધિષ્ઠિર કુલનો ક્ષય કરાવનાર હોવાથી 'હું પૂજન નહીં સ્વીકારું' એમ વિદુર કહે તેવો સંભવ હતો, પણ તેણે તેમ કહેલ નહીં. (प्र)

થઇ, આ દેહ દુષ્ટ હોવાથી 'जह्यात' આ દેહને તજવો સાંકલનો ફરી સંબંધ ન થાય તે માટે નથી જણાએલી ગતિ જેની (તેવા થઇ તજવો).

'તેથી શું (ફલ) થાય? એવો પ્રશ્ન થાય, તેથી 'તે નિશ્ચય ધીર કહેવાય છે' એમ કહેલું છે. ધીર (પુરૂષ) નું જે ફલ હોય તે તેને મળે. 'આ લોકમાં બે મૃત્યુ પ્રાપ્ત કરવાં દુર્લભ માનેલાં છે'. (૬-૧૦-૩૩) એવું ધૈર્યનું ફલ છે.' તે ફલ (પ્રાપ્ત કરવા)માં તેવું જ ધૈર્ય હોવું જોઇએ' એવો પ્રશ્ન થાય, તેથી 'वै' 'નિશ્ચય' એમ કહેલું છે. જ્યાં ફલ પ્રાપ્ત કરવા માટે ધૈર્યની ગણના કરેલી છે, ત્યાં નિશ્ચિત ફલ આપનાર તરીકે આવાં ધૈર્યને પણ ગણેલું છે. તેથી જેવું (૬-૧૦-૩૩ માં જણાવ્યાં) તેવાં બે ધૈર્યનું ફલ છે, તેવું આ (ધૈર્ય) નું પણ ફલ છે. એવો અર્થ છે. ૨૫.

એવી રીતે એક પ્રકારથી દેહનો ત્યાગ કરવાનું કહ્યું. નીચેના શ્લોકમાં બીજો પ્રકાર પણ કહે છે:-

यः स्वकात्परतो वाऽपि जातनिर्वेद आत्मवान् ॥
हृदि कृत्वा हरिं गेहात्प्रव्रजेत्स नरोत्तमः ॥२६॥

**જે પોતાના (સંબંધીઓ) થી અથવા શત્રુઓથી પણ વૈરાગ્ય પ્રાપ્ત કરી જીતેંદ્રિય થઇ હૃદયમાં હરિને રાખી, ઘરનો ત્યાગ કરી જાય. તે મનુષ્યોમાં ઉત્તમ છે. ૨૬**

પોતાના હિત કરનાર બંધુથી (અથવા) 'परतः' શત્રુથી, બોલનારના ગુણ અથવા દોષ (ના વિચાર) વિનાનો થઇ, જે આ (શ્લોકમાં કહેલા) પ્રયોજનમાં દૃષ્ટિ રાખેલો થઈ વૈરાગ્ય પ્રાપ્ત કરે છે (તે ઉત્તમ છે). દેહ ઇંદ્રિયો વિગેરેનો અજ્ઞાનને લીધે બીજાં કાર્યમાં ઉપયોગ કરી તેમનાથી સર્વસ્વનો નાશ થતાં તેમનો ત્યાગ કરવો એ પ્રથમ દૃષ્ટિ છે. પ્રથમથીજ ભોગ માટે (તેમનો ઉપયોગ) કર્યા વિના, ગમે તેવા વચનોથી પણ લોભ ન થાય તે માટે જેને વૈરાગ્ય ઉત્પન્ન થએલો છે તે તે દેહ વિગેરેથી પરિકર સાથે ભગવાનને જાણીને તેમને હૃદયમાં પધરાવીને, દેહનો ત્યાગ કરવાની ઈચ્છા તજીને, તે (દેહ થી દુર્લભ ભગવત્સ્મરણ કરતાં, ગૃહ વિઘ્ન કરનારૂં હોવાથી તેનો સંબંધ ન રહે તે માટે प्रव्रजेत (ઘરનો) ત્યાગ કરી જાય, તે 'नरोत्तमः' સર્વ પ્રાણીઓથી ઉત્તમ છે. ૨૬

'ત્યારે મારે શું કરવું?' એમ પૂછે, તેથી નીચેનો શ્લોક કહે છે:-

अथोदीचीं दिशं यातु स्वैरज्ञातगतिर्भवान् ॥
इतोऽर्वाक् प्रायशः कालः पुंसां गुणविकर्षणः ॥२७॥

**હવે પોતાના (સંબંધીઓ) ને જેની ગતિ જણાએલી નથી તેવા તમે ઉત્તર દિશામાં જાઓ. આ પછીનો કાલ ઘણા ભાગે પુરુષોના ગુણનો નાશ કરનારો છે. ૨૭**

(નદીઓ અને સમુદ્રો અને સરોવરો) વાયુ, વિગેરે કારણ ન હોવા છતાં પણ ખળભળેલા, કાદવવાળા અને ઘુમરીખાતા જલવાળા છે, અને આપણે વિગેરેનાં મનો (ખળભળેલાં છે) અગ્નિ જલથી ન સળગે તેવી રીતે ઘીથી સળગતો નથી. એવી રીતે સર્વ અવળું કરનારો કાલ શું કરશે તે જણાતું નથી, એવો અર્થ છે. ૧૮

નીચેના શ્લોકથી આરંભી તે ચિહ્નોનું વચે થએલું ફલ કહે છે :–

न पिबन्ति स्तनं वत्सा न दुह्यन्ति च मातरः ॥
रुदन्त्यश्रुमुखा गावो न हृष्यन्त्यृषभा व्रजे ॥ १९ ॥

**વાછડાં ધાવતા નથી અને માતાઓ દુધ આપતી નથી. મુખ ઉપર આંસુવાળી ગાયો રડ્યા કરે છે. નેસડામાં આખલાઓને હર્ષ થતો નથી. ૧૯.**

ભૂખ્યા હોવા છતાં વાછડાં ધાવતા નથી એવો અર્થ છે. 'માતાઓ' એટલે ગાયો, કારણ કે તેમના દુધથી સર્વનું જીવન થાય છે, તેઓ 'न दुह्यन्ति' દોવા દેતા નથી એવો અર્થ છે. આંસુઓ છે મુખ ઉપર જેઓનાં તેવી (છે) .'ऋषभा' એટલે પુષ્ટ આખલાઓ. ૧૯.

दैवतानि रुदन्तीव स्विद्यन्ति ह्युच्चलन्ति च ॥
इमे जनपदा ग्रामाः पुरोद्यानाकराश्रमाः ॥
भ्रष्टश्रियो निरानन्दाः किमघं दर्शयन्ति नः ॥ २० ॥

**પ્રતિમાઓ રડતી હોય તેવી છે. તેમને પરસેવો થાય છે અને ચાલવા માંડે છે. આ લોકો ગામો શહેરો બગીચા અને ઉત્તમ આશ્રમો કાંતિવિનાના આનંદરહિત હોઈ આપણને શું પાપ દર્શાવે છે ? ૨૦**

'दैवतानि' પ્રતિમાઓ 'स्विद्यन्ति' પરસેવાવાળી થાય છે (અને) 'उच्चलन्ति' બીજા દેશમાં જાય છે. કાંતિ નાશ પામેલી છે જેમની, જતો રહેલ છે આનંદ જેઓમાંથી તેવા (લોકો વિગેરે) 'नः' આપણને (શું) 'अघम' દુઃખ ઉત્પન્ન કરનારૂં પાપ ( દર્શાવે છે ) ? ૨૦

આ ( બધાં ) નાં કારણનું નીચેના શ્લોકમાં અનુમાન કરે છે :–

मन्य एतैर्महोत्पातैर्नूनं भगवतः पदैः ॥
अनन्यपुरुषश्रीभिर्हीना भूर्हतसौभगा ॥ २१ ॥

તું ના ભાયડો થઇને સંબંધ ન કરવા યોગ્ય (સ્ત્રી) સાથે તેં સંબંધ કર્યો? કામને વશ થઇને સંબંધ ન કરવા યોગ્ય (સ્ત્રી) સાથે સંબંધ કર્યો? અથવા સંબંધ કરવા યોગ્ય (સ્ત્રી)નું 'असत्कृताम्' અપમાન કરીને સંબંધ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સંબંધ કર્યો? શત્રુથી પરાજય થાય તે પણ આ (મુંઝવણ)નું કારણ હોવાથી ઉત્તરાર્ધથી તે કહે છે, આ (કારણ) ઉપર કહેલા એમાંથી એકે પ્રકારનું ન હોવાથી 'अथ' એમ કહેલું છે. 'नोत्तमैः' (શબ્દમાં) 'न' સાથે ('उत्तमैः' શબ્દનો) સમાસ છે. 'સમાન નહીં તેવા' એટલે અધમ. (તારી) સમાન અથવા (તારાથી) અધમ (પુરુષો)થી (તારો) પરાજય થયો છે? એવો અર્થ છે. ૪૨

ભિખારીઓને અથવા બાલકોને મિષ્ટાન્ન વિગેરે આપ્યા વિના ભોજન કરવાથી પણ એમ (મુંઝવણ) થાય છે, તેથી (તે) લૌકિક કાર્ય સંબંધી નીચેના શ્લોકથી શંકા કરે છે :-

अपिस्वित्पर्यभुंक्थास्त्वं सम्भोज्यान् वृद्धबालकान् ॥
जुगुप्सितं कर्म किञ्चित्कृतवांश्च यदक्षमम् ॥ ४३ ॥

**સારી રીતે જમાડવા યોગ્ય વૃદ્ધ અને બાલકોને તજી તેં ભોજન કરેલું છે? અને જે સહન થઇ ન શકે તેવું કોઇપણ નિંદા કરાવે તેવું કર્મ તેં કરેલ છે? ૪૩**

'(पर्यभुंक्थाः' શબ્દમાંનો) 'परि' ઉપસર્ગ તજવાના અર્થવાળો છે. સારી રીતે ભોજન કરાવવા યોગ્ય વૃદ્ધ અને બાલકોને તજીને તેં ભોજન કરેલું છે શું?, કારણ કે તેઓ સારી રીતે જમાડવા યોગ્ય છે. 'भोज्या वृद्धबालकान्' એવો પાઠ હોય ત્યારે 'भोज्याः' એટલે (ભોજન કરાવવા યોગ્ય) સ્ત્રીઓ. અથવા 'सम्भोज्य' (લેવું). 'પદના આરંભમાં અથવા અંતે વિભાગ કરતાં (દીર્ઘનો હ્રસ્વ લેવો)' એ ધોરણે હ્રસ્વ (સ્વર) લેવો. અથવા (ભોજન કરાવવા યોગ્ય) आवृद्धबालकान् વૃદ્ધથી આરંભી બાલક સુધીઓના (ને તજી ભોજન કરેલું છે?) બીજું પણ जगुप्सितं પાછલથી નિંદા કરાવે તેવું અને 'अक्षमम' પાછલથી સહન ન થઈ શકે તેવું (કર્મ કરેલ છે?) ૪૩

નીચેના શ્લોકમાં મુખ્ય કારણનું અનુમાન કરે છે :-

कच्चित्प्रेष्ठतमेनाऽथ हृदयेनात्मबन्धुना ॥
शून्योऽसि रहितोऽनित्यं मन्यसे तेऽन्यथा न रुक् ॥ ४४ ॥

**સર્વથી અધિક પ્રિય, આત્માના રૂપથી બંધુ, અંતર્યામી વિનાનો થએલો તું નિરાશ થએલો છે, અને (પોતાને) અનિત્ય માને છે? તેમ ન હોય તો તને દુઃખ ન થાય ૪૪**

કરીને (ગાયો પાછી મેળવી હોવાની) શંકા દૂર કરી છે, તેથી છૂપો રહીને ગયો ન હોવાનું જણાવેલ છે. કર્ણ વિગેરે અનાર્યો હતા, તેજ सत्त्वानि જલમાં ફરનારા પ્રાણીઓ હતા જે (સૈન્યરૂપ સમુદ્રમાં). આથી એમ સૂચવેલ છે કે તેમાં પડેલો તેઓને લીધે પાછો આવતો નહીં, તો પછી તરે તો ક્યાંથીજ? એવો ભાવ છે. (હું) માત્ર તરી ગયો એટલુંજ નહીં, પરંતુ તેમાં રહેલાં રત્નો પણ લઈ આવ્યો, એમ 'અને ઘણું ધન પાછું લાવ્યો' શબ્દોથી કહેલું છે. વાસ્તવિક રીતે તો તે ધન અર્જુનનુંજ હતું કારણ કે તે રાજ્યનો માલિક હતો, પરંતુ તેઓએ બલથી લઈ લીધેલું, તે પછી પાછું લાવ્યો, એવો ('प्रत्याहृतम्' માંના) 'प्रति' ઉપસર્ગનો અર્થ છે. 'च' 'અને' શબ્દ હોવાથી વસ્ત્રો પણ (લાવ્યો). 'तेजस्पदम्' એટલે તેજનું સ્થાન, તેના બાનાંથી* તેજ પણ હરી લીધું એવો અર્થ છે. 'મણિમય' એટલે અમૂલ્ય, અથવા સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારૂં. આથી એમ જણાવેલ છે કે (તેમનું) સર્વ ધન અને સર્વ પુરૂષાર્થો હરી લીધા 'च' 'અને' શબ્દ હોવાથી માથામાં રાખેલ રત્ન અને કુદરતી રત્નો પણ હરી લીધાં). 'માથાઓમાંથી' શબ્દનો એવો અર્થ છે કે તે (માથામાં રાખેલ રત્ન) નાં બાનાંથી માથાંઓજ હરી લીધાં. સંમોહન અસ્ત્રથી મોહ કરાવીને સર્વ હરી લીધું. આ (કાર્ય કરવા)માં (ભગવાન) બંધુ હતા તેજ કારણ છે. ૧૪

સત્ત્વગુણ સાથે ભળેલા રજોગુણથી કરેલ (ઉપકાર) નીચેના શ્લોકથી કહે છે :-

**यो भीष्मकर्णगुरुशल्यचमूष्वदभ्रराजन्यवर्यरथमण्डलमण्डितासु ॥**
**अग्रेचरो मम विभो रथयूथपानामायुर्मनांसि च दृशा सह ओज आर्च्छत् ॥१५॥**

**ઘણા ઉત્તમ રાજાઓના રથોના સમૂહથી શોભિતી ભીષ્મ કર્ણ ગુરુ અને શલ્યની સેનાઓમાં જેમણે મારી આગળ ચાલીને હે સમર્થ! રથના સમૂહોના પતિઓની અંતઃકરણની અને ઇન્દ્રિયોની શક્તિ સાથે આયુષ્ય અને મનો દૃષ્ટિથી હરી લીધાં. ૧૫.**

પહેલાં (પાંડવો છે કે નહીં તે જાણવા વિરાટનગર) પરીક્ષા કરવા ગએલા હોવાથી સાવધાન રહ્યા વિના ગએલા. હવે યુદ્ધ (કરવા) માટે શસ્ત્ર અસ્ત્ર વિગેરે સાથે મંત્ર વિગેરેવાળા કવચ વિગેરે પહેરીને, કાલ પણ મારી ન શકે તેવા, કાલ કામ પરશુરામ વિગેરે ઉપર વિજય પ્રાપ્ત કરનારા, (જીતવા અશક્ય છે એમ માનીને (ભગવાને) પોતે આગળ ચાલનાર થઇ તેઓનાં આયુષ્ય મનો અને ઉત્સાહ શક્તિઓ અને 'च' 'અને' શબ્દથી (જણાવેલ) વિવેક ધૈર્ય વિગેરે दृशा

* રત્ન તેજનાં જેવાં હોવાથી, રત્નનાં બાનાંથી તેજ હરી લીધું, એવો અર્થ જણાય છે.

પણ મોટું નાનું વિગેરેના પ્રકારથી જૂદા પડેલા રાજ્ય નગર ઘર દેહ વિગેરેમાં તેણે પ્રવેશ કર્યો, અને (યુધિષ્ઠિરનો) થોડો વિકાસ થએલ હોવાથી તેણે તે જાણ્યું એમ 'જ્ઞાની' શબ્દથી કહેલું છે. તે સંબંધમાં પણ (તેને) વિચાર થયો કે (આ કાલ) રહેવા આવેલ છે કે જોવા? તે (સંબંધ)માં પણ યુધિષ્ઠિરનો નિશ્ચય થયો એમ ઉત્તરાર્ધથી કહેલ છે. સામગ્રી સાથે આવેલ હોવાથી કલિ અહીંથી જવાનો નથી. તેની સામગ્રી આરંભમાં સર્વ દોષોના આધારરૂપ અંતઃકરણનો ગુણ લોભ છે, વાણીનો દોષ અસત્ય ઘણા ભાગે સ્વરૂપનો નાશ કરનારો છે, કારણકે (તેનાથી) સ્વરૂપને નભાવનાર ઉત્તમ પ્રમાણિકપણાંનો નાશ થાય છે. કુટિલતા બુદ્ધિનો દોષ છે. હિંસા શરીરનો (દોષ છે). આ વિષયમાં ક્રમથી બાકી રહેલ દોષ પોતાની મેળે વિચારી લેવા. 'आदि' 'વિગેરે' શબ્દથી રોગ વિગેરે પણ (કહેલા છે). હિંસા વિગેરે અધર્મનો સમૂહ વિચારીને ઉપર કહેલો જ જવાનો નિશ્ચય કર્યો, એવો અર્થ છે. ૩૭

શક્તિવિનાનાએ ત્યાગ કરવો ન જોઇએ, કારણ કે (ત્યાગ) ત્યાગ કરનારાઓમાં વાસનાઓ ઉત્પન્ન કરનારો છે. તેથી કલિના ભયથી યુધિષ્ઠિર જતો રહે (ત્યાગ કરે) તે યોગ્ય નથી, એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહેલા છે :-

स स्वपौत्रं विनयिनमात्मनोऽनवमं गुणैः ॥
तोयनीव्याः पतिं भूमेरभ्यसिञ्चद्गजाह्वये ॥३८॥

मथुरायां तथा वज्रं शूरसेनपतिं ततः ॥
प्राजापत्यां निरूप्येष्टिमग्नीनपिबदीश्वरः ॥३९॥

**તેણે પોતાથી ગુણોમાં ઉતરે નહીં તેવા પોતાના વિનયવાળા પૌત્રનો હસ્તિનાપુરમાં જલરૂપ વસ્ત્રવાળી ભૂમિના પતિ તરીકે અભિષેક કર્યો, મથુરામાં તેવી રીતે વજ્રનો શૂરસેનના પતિ તરીકે (અભિષેક કર્યો). પછી પ્રજાપતિના સંબંધવાળો યજ્ઞ કરી, શક્તિવાળાએ અગ્નિનું પાન કર્યું. ૩૮-૩૯**

કારણ કે કલિનો વિરોધ કરવાની શક્તિ વિનાનો યુધિષ્ઠિર ગયો ન હતો કારણ કે તેનો વિરોધ કરવા પૌત્રને તેણે રાખેલો, પરંતુ શાસ્ત્ર પ્રમાણ હોવાને લીધે (તેણે ત્યાગ કરેલો), એવા અભિપ્રાયથી આ શ્લોક કહેલ છે. 'એકથી ઉત્પન્ન થએલા ભાઇઓ(માંના એકના પુત્રથી સર્વ પુત્રવાળા છે)' એ ધોરણે અને (પરીક્ષિતને પોતાનું) રાજ્ય આપેલું હોવાથી 'પોતાના (પૌત્રને)' એમ કહેલું છે. પુત્રનું નામ રાખવા 'પૌત્ર' એમ કહેલું છે. (તે પૌત્ર) ભગવદીયપણું વિગેરે ગુણોથી પોતાથી 'अनवम' ન્યૂન નહતો. આથી એમ કહેવાયું કે દોષ ન હોવા, એ તેનામાં વધારે હતું. હલકાને (ગાદીએ) બેસાડે તો પ્રજાનો શાપ થાય.

પુરંજનના ઉપાખ્યાનમાં તેમ કહેલું હોવાથી વાણીના સંબંધથી શરીરનો સંબંધ થાય છે, કારણકે વાણી મનની સ્ત્રી છે. તે પ્રાકૃત[1] છે, બ્રહ્મની વાણીઓ છે (તેમને) તે (પ્રાકૃત) વાણી સાથે સંબંધ હોવાથી જૂદી કહેલી નથી[2]. આ (પ્રાકૃત વાણી) અટકશે ત્યારે તે પોતાની મેળેજ પોતામાં રહેલી હશે. તે રહેલી હોવાનું આગળ 'વશ કરેલ વાણીવાળો' (શ્લો. ૪૩) એ શબ્દથી કહેશે, કારણકે ઈશ્વરે[3] કરેલા (અધ્યાસ)માં લય (થવાનું) મુખ્ય છે.

તેમાં 'તું મનની વૃતિજ છે' એ શ્રુતિ પ્રમાણે વાણી મનને અધીન છે. ખરેખર સર્વ વાણીઓમાં રહેલી કોઇક દેવતા છે. તે અભિમાનવાળી છે. જે કોઇ તેને હલકી માને તેનાથી પ્રજાપતિની પેઠે તે દૂર થાય છે. તેવી રીતે આ (યુધિષ્ઠિર)થી પણ દૂર થશે એવો[4] અર્થ છે.

તેવી રીતે મન પણ પ્રાણને અધીન છે, કારણ કે તે (પ્રાણ પાસેથી) જઇને પાછું આવતું હોવાનું કહેલ છે.[5] જો કે પ્રાણનો નિરોધ કરવામાં મન સાધન છે, છતાં પણ પાછળથી (પ્રાણનો નિરોધ થયા પછી) પ્રાણ મનનો નિરોધ કરનાર થતા હોવાથી, અને તે (પ્રાણ)ના નિરોધથી તે (મન)નો નિરોધ થતો હોવાથી (મન) તેને (પ્રાણને) આધીન છે, અને[6] તેવી રીતે તે (મન) દેહને બંધન કરનાર મટે છે, તેથીજ[7] યોગશાસ્ત્રમાં મન દેહનું મૂલ[8] હોવાનું કહેલું છે.

---

૧ આ પ્રાકૃત વાણી મનની પત્ની છે, દૈવી વાણી તેથી જૂદી છે. (પ્ર)

૨ આહુતિ તરીકે જૂદી કહી નથી. (પ્ર)

૩ ઇશ્વરે કરેલો અધ્યાસ છે અને તેમની આજ્ઞાથી તે દૂર કરવાનો છે એ મત પ્રમાણે પણ જેને જે અધીન હોય તેનો તેમાં લય કરવો મુખ્ય છે અને તેનું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે એમ આથી કહેલ છે. (પ્ર)

૪ ભગવાન દૂર કરશે. તે આહુતિ હોવાથી સર્વ વાણીઓ તેની સાથે આહુતિઓ થઈ દૂર થશે એવો અર્થ છે. (પ્ર)

૫ 'તે સૂત્રથી બાંધેલ પક્ષી જેમ જૂદી જૂદી દિશાઓમાં ઉડીને બીજે સ્થાન ન મળવાથી બંધનનોજ આશ્રય કરે છે, તેમ હે સૌમ્ય ! મન જૂદી જૂદી દિશાઓમાં જઇ આશ્રય ન મળવાથી પ્રાણનોજ આશ્રય કરે છે, કારણ કે મન પ્રાણના બંધનવાળું છે' એ છાંદોગ્યની શ્રુતિ મન પ્રાણને અધીન હોવાનું કહે છે. (પ્ર)

૬ 'च' 'અને' નિશ્ચય કરાવવાના અર્થવાળો છે. પ્રાણના નિરોધથી મનનો નિરોધ થાય એજ દેહનો સંબંધ જતો રહેવાનું થાય છે. (પ્ર)

૭ 'તેથીજ' એટલે પ્રાણનો નિરોધ થતાં દેહનો સંબંધ ન રહેવાથીજ. (પ્ર)

૮ (આ) પરિણામજ એવો નિશ્ચય કરાવે છે. તેથી મન પ્રાણનો નિરોધ કરવાનું સાધનજ છે, પણ પ્રાણ મનને અધીન નથી, એવો અર્થ છે.

મૃત્યુને ભક્ષણ કરનાર પાંચપણાંરૂપ મહાભૂતરૂપ ભગવાનનો ત્રણગુણરૂપ ભગવાનમાં હોમ કર્યો, કારણ કે મહાભૂતો તેમને (ત્રણ ગુણોને) અધીન છે.

ત્યાં[1] પણ ત્રણ ગુણોમાં રહેલા ભગવાનનો પ્રકૃતિના સ્વરૂપમાં[2] હોમ કર્યો, કારણ કે તે (પ્રકૃતિ) પરંપરાથી સર્વકાર્યપ્રકારની થાય છે. તેમાં સર્વ પ્રવાહો પ્રવેશ કરે છે, તેથી તે 'સર્વ' શબ્દથી ઓળખાય છે.

તે એકપણાંના સ્વરૂપવાળા ભગવાનનો પુરુષરૂપ આત્મામાં હોમ કર્યો અને તે પુરુષનો કાલ વિગેરેને વશ રાખનાર અક્ષર બ્રહ્મમાં હોમ કર્યો, કારણ કે 'તેની માયાના ફલ રૂપથી' એ વાક્ય પ્રમાણે તે (પુરુષ) તેને (અક્ષરને) અધીન છે. 'अव्यय' શબ્દથી વેદ બ્રાહ્મણની જાતિ અને બ્રહ્મા (માં હોમ કર્યો) નથી એમ (જણાવેલું છે) અથવા તે (અક્ષરબ્રહ્મ માં પણ પ્રકૃતિ અને પુરુષના સ્વરૂપથી ફેરફાર થવાનો સંભવ હોવાથી તે 'વ્યય) વિનાના ભગવાનમાં તે અક્ષરનો હોમ કર્યો એવો અર્થ છે. એવી રીતે ભગવાનના માર્ગમાં નવ આહુતિઓ અને નવ અગ્નિઓ છે. ૪૧-૪૨.

તેમાં પોતાનાં સર્વનો ક્રમથી હોમ કરી, સર્વ ભગવાનને સમર્પણ કરી, જેનો મલનો અંશ તજેલો છે તેવા દેહનો વનમાં ત્યાગ કરવા (તેની નગરની) બહારની સ્થિતિ નીચેના શ્લોકથી કહે છેઃ-

चीरवासा निराहारो बद्धवाङ् मुक्तमूर्धजः ॥
दर्शयन्नात्मनो रूपं जडोन्मत्तपिशाचवत् ॥४३॥
अन्वेक्षमाणो निरगादशृण्वन् बधिरो यथा ॥
उदीचीं प्रविवेशाऽऽशां गतपूर्वां महात्मभिः ॥
हृदि ब्रह्म परं ध्यायन्नावर्त्तेत यतो गतः ॥४४॥

**ચીંથરા પહેરેલા, આહાર વિનાના, વશ કરેલ વાણીવાળા, છૂટા મૂકેલ કેશવાળા, દેહનું મૂર્ખ ગાંડા અને પિશાચ જેવું રૂપ દેખાડતા, આડું અવળું ન જોતાં, બહેરાની પેઠે ન સાંભળતાં, પહેલાં મહાત્માઓ જ્યાં ગએલા તે ઉત્તર દિશામાં પ્રવેશ કર્યો (અને) જ્યાં ગએલો પાછો ફરતો નથી ત્યાં પરબ્રહ્મનું હૃદયમાં ધ્યાન ધરતાં ગયો. ૪૩-૪૪.**

હવે પછી જો આનો દેહ ઉત્પન્ન થશે તો પાંચ અગ્નિમાં બ્રહ્મવિદ્યામાં ઉપયોગી દેહની પેઠે પાર્ષદ જેવો ઉત્પન્ન થશે. આમ* કરવાની શક્તિ વિનાનાએ

૧ અહિંથી ત્રણપણાંનો હોમ એકપણામાં કર્યાનું કહે છે (પ્ર)

૨ 'પ્રકૃતિના સ્વરૂપમાં' એટલે તેવા પ્રકારથી એકપણું પ્રાપ્ત કરેલ ભગવાનમાં (પ્ર)

* 'આમ કરવાની' એટલે આ શ્લોકોમાં કહ્યા પ્રમાણે કરવાની, એવો અર્થ જણાય છે.

ભગવદીયોને* સર્વ દુઃખ આપનારો છે; કારણ કે તેમના (ભગવાનના) કરતાં બીજાઓ હલકા છે, અને દેહમાં પ્રવેશ થએલ હોવાથી (બીજાની) જરૂર રહે છે. હલકાની ઇચ્છા રાખતાં (ભગવદીયપણાંનાં) સ્વરૂપનો નાશ થાય.

તેથી[1] ભગવદીયોમાં સર્વથી મુખ્ય લક્ષ્મી, - પોતે શક્તિવાળી[2] હોવા છતાં તે તેની શક્તિ નમાલી હોવાથી અને[3] તેને નભાવવા માટે-(પોતાનાં) કાર્ય અને કારણમાં ઉદાસીન રહી ભગવાનનું જ ભજન કરે છે. અને બીજા[4] (ભગવદીયો) તો તેના[5] સેવકો છે, અને હું (તેની) શૉક છું. તેથી ભગવાન ત્યાગ કરે ત્યારે ઘણું દુઃખ થાય છે એમ કહેવા લક્ષ્મીનું કૃત્ય કહે છે. તેનાં કાર્યનો વૃત્તાંત[6] પણ કહેવામાં આવે છે.

**'यदपांगमोक्षकामाः'** **'यस्याः'** જે લક્ષ્મીનો **'अपांगः'** કટાક્ષ (દૃષ્ટિ), તેનું **मोक्षः** (પોતા ઉપર પડવું), તેની **'कामाः'** ઇચ્છાવાળા બ્રહ્મા વિગેરે છે. અહીં 'કટાક્ષ' શબ્દથી ભગવાનમાં રહેલ પ્રેમ સાથેની, ભગવાનના સંબંધવાળા કામ-ભાવ સાથેની, પોતાનાં સમર્પણના ભાવને બહાર કાઢવા સાથેની અર્ધ દૃષ્ટિ કહેલી છે. તેથી તે દૃષ્ટિમાં (૧) ભગવાન (૨) ભગવાન સંબંધી કામ (૩) ભગવાન ઉપરનો સ્નેહ (૪) લક્ષ્મી અને (૫) સૃષ્ટિ એવા પાંચ પદાર્થો હોય છે. તે એક સ્થલે ભેગા થએલા મળવા કઠણ તેથી[7] (પોતાની ઉપર) દૃષ્ટિ પડે તે માટે **'भगवत्प्रपन्नाः'** ભગવાનના શરણે ગયા. ભગવાનને હૃદયમાં પધરાવીને, એવો અર્થ છે. તેવા[8] (થઇ) તપ કરે છે. લક્ષ્મીના આવા કટાક્ષો ક્ષણે ક્ષણે હજારો થાય છે. આવા માહાત્મ્યવાળી પણ તે લક્ષ્મી ભગવાનનાં ચરણારવિંદનો આશ્રય કરે છે, કારણકે ભગવાન ત્યાગ ન કરે તેનું કારણ તે (ચરણારવિંદનો આશ્રય) જ છે. તેને પણ (ભગવાનનું) ચરણ દુર્લભ છે. સેવા કરવા માટે તો ચરણની પ્રાપ્તિ થવી ઘણીજ દુર્લભ છે.

---

* વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

૧ 'તેથી' એટલે ઉપર કહેલ સર્વનો વિચાર કરવાથી (પ્ર)

૨ બીજાઓનું હલકાપણું દૂર કરવાની શક્તિવાળી (પ્ર)

૩ 'અને' શબ્દથી પોતાનું ભગવદીયપણું પણ નભાવવા માટે (ભજન કરે છે) (પ્ર)

૪ 'બીજા' બ્રહ્મા વિગેરે (પ્ર)

૫ 'તેના' એટલે ભગવાનના (પ્ર) 'લક્ષ્મીના' એવો અર્થ જણાય છે. આગળ ધરણી પોતે તેની શૉક હોવાનું કહે છે, એટલે તે લક્ષ્મીની શૉક છે. બ્રહ્મા લક્ષ્મીની દૃષ્ટિ પોતા ઉપર પડે તે માટે તપ કરતા હોવાથી તેના સેવક છે એ સ્પષ્ટ છે.

૬ તે પોતાનાં સર્વ કાર્યમાં ઉદાસીન રહે છે એમ જણાવવા પહેલાં તેનો આ વૃત્તાંત કહે છે (પ્ર)

૭ 'તેથી' એટલે આ દુર્લભ પદાર્થો લક્ષ્મીની દૃષ્ટિથી પ્રાપ્ત થાય તેથી (પ્ર)

૮ 'તેવા' એટલે લક્ષ્મીના કટાક્ષવાળી દૃષ્ટિ પોતા ઉપર પડે તેવી કામનાવાળા (પ્ર) ભગવાનને હૃદયમાં સ્થાપન કરેલા, એવો અર્થ જણાય છે.

પ્રમાણો બે પ્રકારનાં[1] હતાં. તેથી નિર્ણય કરાવનારૂં પ્રમાણ ન હોવાથી, વાસ્તવિક રીતે કોઇએ પણ (પગ કાપવાનું) કરેલ ન હોવાથી અથવા કાલે કે ભગવાને કરેલ હોવાથી, તેવા સ્વભાવવાળો[2] ધર્મ (તેમણે) કરેલ હોવાથી, ઉત્તર (આપવો) યોગ્ય નથી, કારણ કે આ (રાજા) કાલ અથવા ભગવાનને કાંઈ પણ કરી શકવાનો નથી. તેથી પ્રમાણ જણાવવામાં આવતાં, (તેના) પોતાના અધિકાર પ્રમાણે પદાર્થોને જાણીને તે પ્રમાણે કરશે, પરંતુ ઉત્તર ન દેવો અથવા સ્પષ્ટ કહેવું યોગ્ય નથી.''*

હે ઉત્તમ પુરુષ! 'ધીર (પુરુષો) મને પુરુષપણામાં....' (૧૧-૭-૨૧) એ ધોરણ પ્રમાણે સર્વે પુરુષો માટે ભગવાનમાં દૃષ્ટિ (રાખવી) યોગ્ય છે. તમે તો ઉત્તમ પુરુષ છો. વળી દુઃખનાં કારણો પાપો અથવા ભગવાનના અપરાધો છે, તે ક્યાંથી (ઉત્પન્ન) થાય છે તેનો વિચાર કરવો જોઇએ. તેનું સમવાયિકારણ પુરુષ જ[3] અથવા અંતઃકરણ[3] અથવા મહાભૂતોનો સંસ્કાર (કરવા) ના મત પ્રમાણે શરીર,[3] (અથવા) બીજાં કારણો[4] છે. (તેમનું) નિયમન કરનારનો વિચાર કરવો જોઇએ. કોણે નિયમન કરેલી સામગ્રી દુઃખનાં કારણને ઉત્પન્ન કરે છે. તેનો નિશ્ચય ન થવાનું કારણ છે. કારણકે તે (નિયમન કરનાર) પુરુષ હોય, કેમકે બીજું (કાંઇ) નિયમન કરનાર ન હોઈ શકે, અને વ્યષ્ટિ સમષ્ટિ પુરુષ કાલ અને પુરુષોત્તમ એવા તે પાંચ પુરુષો છે. તેઓમાંનો (કોણ નિયમન કરનાર છે તેનો) નિશ્ચય થતો નથી, કારણકે વિચાર કરનારનું અંતઃકરણ જૂદાં જૂદાં વાક્યોથી મોહ પામેલ હોય છે. 'અમે' શબ્દથી (એમ જણાવેલું છે કે) બધાએ આ (વિષય) માં વિચાર કરી શકતા નથી. એકજ વાક્યનો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે અનેક પ્રકારે અર્થ કરે છે. તેવાં વાક્યો જૂદાં જૂદાં છે; અને સર્વમાં તર્ક સાહાય્ય કરનાર હોય છે. ૧૭

નીચેના શ્લોકમાં જૂદાં જૂદાં વાક્યોથી નિર્ણય કરેલા પદાર્થો કહે છેઃ-

केचिद्विकल्पवसना आहुरात्मानमात्मना ॥
दैवमन्ये परे कर्म स्वभावमपरे प्रभुम् ॥१८॥

*...* ઉપદેશ કરવા માટે ધર્મે પોતાના મનમાં વિચાર કર્યો તે આ ભાગથી જણાવેલ જણાય છે.

૧. શ્રુતિ અને સ્મૃતિના ભેદથી બે પ્રકારના (प्र)

૨. 'તેવા સ્વભાવવાળો' એટલે ઘટતા જવાના સ્વભાવવાળો (प्र)

૩. ન્યાય અને વૈશેષિકના મત પ્રમાણે પુરુષ, સાંખ્ય અને પતંજલિના મત પ્રમાણે અંતઃકરણ, ધર્મશાસ્ત્ર પ્રમાણે શરીર (દુઃખનું સમવાયિ કારણ છે) (प्र)

૪. દેશ, કાલ, દ્રવ્ય મંત્ર અને કર્મ બીજાં કારણ છે (प्र)

ભંગ[1] થાય. બધી ભૂમિ[2] (બેમાંથી) એકને રહેવા યોગ્ય છે, કારણકે બંને ભૂમિના જેટલા વિસ્તારવાળા છે. કાલ તો બંનેને સમાન છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિના પ્રકારથી બંનેનું સ્થાપન કરનારો છે, કારણકે યુગના આરંભમાં ધર્મ અને પૂરો થતાં અધર્મનું (સ્થાપન કરે છે). તેથી કાલને લીધે ત્રણ ધર્મના પગોને કાઢી નાખી, અધર્મે પોતાના ત્રણ પગોનું સ્થાપન કર્યું એમ ઉત્તરાર્ધથી કહે છે. ગર્વ દુઃસંગ મદ અને અસત્યરૂપ ચાર અધર્મના પગો છે. આ અમુક સ્થિતિમાં ધર્મમાં[3] પ્રવેશ કરતા હોવાથી 'અંશો' શબ્દ યોજેલો છે. ૨૩

કલિનો દોષ કહેવા નીચેનો શ્લોક કહે છે:–

इदानीं धर्म पादस्ते सत्यं निर्वर्त्तयेद्यतः ॥
तं जिघृक्षत्यधर्मोऽयमनृतेनैधित कलिः ॥२४॥

**હે ધર્મ ! હવે તારો પગ સત્ય તારો પ્રચાર કરે તેથી અસત્યે પુષ્ટ કરેલો આ અધર્મરૂપ કલિ તેને ગ્રહણ કરવા ઇચ્છે છે. ૨૪**

હે ધર્મ ! હવે તારો એક પગ સત્ય જ પોતાને 'निर्वर्त्तयेत' સારી રીતે સાચવે, (પોતાનો) પ્રચાર કરે, અથવા સંબંધી તરીકે નજીક રહેલ હોવાથી તારો પ્રચાર કરે, (તેથી કલિ તેને ગ્રહણ કરવા ઇચ્છે છે). (ते ને બદલે त्वाम् કરી) વિભક્તિ ફેરવવાથી અધ્યાહાર કરવાનો દોષ રહેતો નથી.[4] તે પગ એટલે સત્યનાં મૂલ અથવા અંતઃકરણને અધર્મ ગ્રહણ કરવા ઇચ્છે છે, 'અધર્મ ગ્રહણ કરવા ઇચ્છે છે (તેમાં) કલિનો શું અપરાધ?' એવો પ્રશ્ન થાય તે સંબંધ) માં 'આ કલિ અધર્મરૂપ છે' એમ કહેલ છે.

||કાલ હદ વિનાનો છે. કૃત વિગેરે શબ્દોનો પ્રયોગ તેની હદ બાંધનાર તરીકે કહેવો જોઇએ. માત્ર ધર્મજ જેની હદ બાંધે છે તે કૃત (યુગ). માત્ર

---

૧. અધર્મ પણ પ્રમાણના વાક્યોનો અર્થ છે એમ માનવાથી, એક અર્થ થતો ન હોવાથી વાક્યનો ભંગ થાય, તેથી ન કરવા માટે જ અધર્મની નિંદા કરેલી છે એમ જ સ્વીકારવું જોઇએ (प्र)

૨. 'ભૂમિ' એટલે કર્મ (કરવાની) ભૂમિ (प्र)

૩. ભગવાનના દાસ હોવાનું અભિમાન (ગર્વ), સત્સંગ, ભગવાન (ના ગુણો) નાં ગાન વિગેરેથી થતો ઘણો હર્ષ, અને ગાય તથા બ્રાહ્મણો માટે બોલવામાં આવતું અસત્ય વચન ગુણરૂપ થાય છે (प्र)

૪. વિભક્તિનો ફેર ન કરવામાં આવે, તો **'त्वात्मानम्'** શબ્દ અધ્યાહાર લેવો પડે (प्र)

||...|| ધર્મ અધર્મનો કાલ સાથે સંબંધ દેખાડી, કાલના વિભાગ થયા તે આ ભાગથી દર્શાવેલ છે (प्र)

અધર્મ જેની હદ બાંધે છે તે કલિ (યુગ). ભાગથી બંને જેની હદ બાંધે છે તે ત્રેતા (યુગ), અને સરખા ભાગે બંને જેની હદ બાંધે તે દ્વાપર (યુગ); એવા (વિભાગ છે). કાલ બીજી રાશિ[1]ની હદ બાંધવા આવે, ત્યારે ધર્મના અંશનું પણ ઉલ્લંઘન કરીને આવતો હોવાથી, (તેમાં) અધર્મના અંશનો પ્રવેશ થાય[2] છે. 'જે ચાર સ્તોમ (યજ્ઞો) છે તે કૃત છે, અને જે પાંચ છે તે કલિ છે'[3] એ શ્રુતિમાં ચાર સ્તોમરૂપ જ્યોતિષ્ટોમ વિગેરેને કૃત કહેલા હોવાથી, કૃત (યુગ) ધર્મની હદવાળો છે. પછી તે સિવાયનો પાંચરૂપ જે કાલ, આ (ચાર) ના અભાવરૂપ ચાર અને (તેથી) જૂદો–તે કલિ છે. તેથી (તેનું) પાંચપણાનો પ્રસંગને[4] લીધે 'સમાન દિવસમાં પાંચ પવિત્ર નક્ષત્રો છે' એ શ્રુતિમાં નિર્ણય[4] કરેલો છે. તેથી જેમ આકાશની હદ બાંધનાર ઘડો વિગેરે છે, તે ઘડામાં રહેલ આકાશ દેખાડતાં વચલા[5] ભાગથી ઘડોજ દેખાડવામાં આવે છે, તેવો આ કલિ છે, એવો અર્થ છે. ॥ પહેલાં[6] કૃતની સાથે સમાનતા અથવા હલકાઇ હતાં. હવે ત્રણ પગોનો પ્રવેશ થવાથી સરસાઇ છે. તેમાં પણ સારી રીતે અસત્યથી 'एधितः' પુષ્ટ થએલો પોતાના શત્રુ ધર્મનો પગ ગ્રહણ કરવા ઇચ્છે છે, કારણ કે શત્રુનું બાકી રહેલ હોય તે રક્ષણ કરવા યોગ્ય નથી, તેથીજ વેદમાં બે*નાંજ નામ છે. ત્રેતા કૃતના પેટાનો છે. દ્વાપર કલિના પેટાનો છે. ૨૪

એવી રીતે ધર્મનું સ્વરૂપ કહીને, નીચેના શ્લોકથી ભૂમિના સ્વરૂપનું જ્ઞાન પ્રકટ કરે છે:–

---

૧. 'બીજી રાશિ' એટલે અધર્મની રાશિ (प्र)

૨. હદ બાંધનાર કાલમાં પ્રવેશ થાય છે. તેથી જેમ વર્ષના સ્વરૂપથી કાલ ફરતાં બધાને પોતાની અંદર રાખે છે તેમ અધર્મના અંશને પણ રાખે છે. તેથી તેવા વિભાગ થાય છે એવો અર્થ છે (प्र)

૩. કૃત અને કલિ એવા વિભાગ હોવાનું પ્રમાણ આ શ્રુતિથી કહેલ છે (प्र)

૪...૪. 'સવિતા દેવનું પ્રાતઃ' એ અનુવાકમાં પ્રાતઃ, સંગવ, મધ્યાહ્ન. અપરાહ્ણ અને સાયમ્ એ પાંચ સમયના અનુક્રમે સવિતા મિત્ર બૃહસ્પતિ ભૃગુ અને વરુણ દેવતા હોવાથી તે સમયો પવિત્ર હોવાનું કહી, તેમાંના ચારના સંબંધવાળા અગ્નિષ્ટોમ ઉકથ્ય ષોડશી અને અતિરાત્ર કરીને બલવાન થયેલ હોવાનું કહી, ચાર ખરાબ હોવાનું કહેતાં આ ચારના અભાવરૂપ ચાર કાલના અવયવો ખરાબ હોવાનો નિર્ણય કરેલ છે (प्र)

૫. ઘડાની અંદર અને બહાર આકાશ હોય છે અને વચ્ચે ઘડો હોય છે તેવી રીતે બંને બાજુ કાલ અને વચ્ચે અધર્મ છે (प्र)

૬. 'પહેલાં' એટલે ત્રેતા અને દ્વાપરયુગમાં (प्र) ત્રેતામાં કૃત સાથે સમાનતા અને દ્વાપરમાં હલકાઈ

* કૃત અને કલિનાં બેનાંજ નામ છે.

ત્રીજા શ્લોકથી તેણે કરેલ દેહના ત્યાગનો પ્રકાર કહે છે. આરંભમાં (સંગનો) ત્યાગ, પછી ગુરુની કૃપા, તે (ગુરુ) ઉત્તમ સંપ્રદાયના હોવાથી (પરીક્ષિતને) ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન (થયું અને) પછી ગંગામાં દેહનો ત્યાગ કર્યો એવી ઉત્તમ પ્રકારે જાણેલી છે અજીત (ભગવાન) ની संस्थितिः સારા પ્રકારની સ્થિતિ એટલે વ્યવસ્થા જેણે તેવા (પરીક્ષિતે દેહનો ત્યાગ કર્યો) ૩.

'(પરીક્ષિતને) મોટો ભય (મૃત્યુ) થતાં ગભરાટ કેમ ન થયો?' તે જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ-

नोत्तमश्लोकवार्तानां जुषतां तत्कथामृतम् ॥
स्यात्संभ्रमोऽन्तकालेऽपि भजतां तत्पदाम्बुजम् ॥४॥

**ભગવાનની વાર્તા કરનારા, તેમની કથારૂપ અમૃતમાં આનંદ કરનારા (અને) તેમના ચરણકમલને ભજનારાઓને અંતકાલે પણ ગભરાટ થતો નથી. ૪**

ઉત્તમ શ્લોકનીજ વાર્તા છે જેઓની, જેઓની લૌકિક વાર્તા પણ ભગવાનના સંબંધવાળી છે, જેઓ તેમની કથા-(કવિઓએ) રચેલી સત્પુરુષોથી કહેવાતી-કથારૂપ અમૃતમાં આનંદ કરનારા છે, અને વળી ભગવાનનાં ચરણ-કમલને ભજનારા છે (તેઓને ગભરાટ થતો નથી). ગભરાટ[1] તો સન્નિપાતનું પરિણામ છે. દોષો[2] અને ગુણો ભેગા થઈને જ્યારે એકપણું પ્રાપ્ત કરે છે (ખીચડો થાય છે) ત્યારે (સંનિપાત થાય છે). "હે ઉદ્ધવ ! 'હું' એવી, અને 'મારૂં' એવી જે મતિ તે સંનિપાત છે[3]" (૧૧-૨૫-૬), અને વ્યવહાર[3] (સંનિ-પાત) છે. તેથી જીવે ત્યાં સુધી સંનિપાતથી વ્યવહાર કરે છે. મરણ સમયે પણ તેનું કાર્ય (ગભરાટ) પ્રાપ્ત કરે છે. દેહ[4] ઇન્દ્રિઓ અને અંતઃકરણથી ભગવાન સંબંધી કાર્ય કરવામાં આવે ત્યારે પહેલાંનો સંનિપાત જતો રહે છે.

૧. મૃત્યુ સમયે બધાને ગભરાટ થતો હોય છે, છતાં ભગવાનની વાર્તા કરનારા-ઓને તે નથી થતો, તેનું કારણ અહીંથી આરંભી કહે છે. (પ્ર)

૨. સંનિપાત કયો અને કેવો છે. તે અહીંથી કહે છે. રજોગુણ અને તમોગુણના કાર્યો દોષો છે. સત્ત્વગુણના કાર્ય ગુણો છે. તે બધા ભેગા થઇ, પીંડારૂપ થઈ એકપણું પ્રાપ્ત કરે છે ત્યારે તે પીંડો સંનિપાત. જેમકે વૈદકમાં પહેલાં (વાત પિત્ત અને કફ) ત્રણ દોષ થાય છે. અને તેથી સંનિપાત થાય છે તેમ આ થાય છે. (પ્ર)

૩-૩. આ ભગવાનનાં વાક્ય પ્રમાણે (૧) અહંતામમતારૂપ, અને (૨) વ્યવહાર એવા બે પ્રકારનો સંનિપાત છે (પ્ર)

૪...૪. ભગવદીઓને ગભરાટ ન થવાનું કારણ આ વાક્યોથી કહે છે. પહેલાંનો સંનિપાત દૂર થવાથી તેમને ગભરાટ થતો નથી એવો અર્થ છે (પ્ર)

છે. प्रउग[1] સ્તોત્ર વિગેરે કહેવાની પેઠે આ માત્ર કર્મમાં ઉપયોગી નથી, પરંતુ તે અમારૂં અમૃત છે; (અમારાં) મરણનો નાશ કરનારૂં સુખ આપનારૂં અને પરમાનંદરૂપ છે. 'શ્રી કૃષ્ણનો નિર્મલ યશ' શબ્દોથી તેવું હોવાનાં કારણો કહેલાં છે. 'विशदम्' એટલે નિર્મલ. અથવા 'विषं વિષનો 'द्यति' નાશ કરે તેવો, સંસારમાં પ્રવેશ થવાનું દૂર કરે તેવો (યશ છે). આથી મરણ પાછું વાળેલું છે, અને યશ બધાને સુખ ઉત્પન્ન કરનારો છે, અને શ્રીકૃષ્ણ પરમાનંદ છે, કારણ તે સદાનંદ અર્થવાળું (નામ) છે, "कृष् ધાતુ સત્તાના અર્થવાળો છે અને 'ण' આનંદના અર્થવાળો છે અને સદાનંદ ભગવાન 'શ્રીકૃષ્ણ' કહેવાય છે" આથી (શ્રીકૃષ્ણ) પરમાનંદ છે. ૧૧

'જ્યારે આ માત્ર પરીક્ષિતની કથાના પ્રશ્નથી ઉદાસીન થયો, ત્યારે અમારી કર્મમાં પ્રવૃત્તિ જોઇને (ભગવાનની કથા) કહેશેજ નહીં' એવી શંકા કરી, નીચેનો શ્લોક કહે છે :–

कर्मण्यस्मिन्ननाश्वासे धूमधूम्रात्मनां भवान् ॥
आपाययति गोविन्दपादपद्मासवं मधु ॥१२॥

**આ આનંદરહિત કર્મમાં ધૂમાડાથી કાળા થયેલા દેહવાળાઓને તમે ગોવિન્દના ચરણકમલના મીઠા રસનું પાન કરાવો છો. ૧૨**

આ યજ્ઞનામના કર્મમાં 'કોણ તે જાણે છે કે તે લોકમાં છે કે નથી ?' 'દિશાઓમાં ઘણી શોભાઓ કરે છે' એ શ્રુતિઓ પ્રમાણે ફલનો નિશ્ચય નહીં હોવાથી તેમાં આનંદ નથી. જેમ તે સંદેહ વિનાનામાં સંદેહનું વચન છે તેમ અહીં પણ[2] છે, એવો અર્થ છે તેથો 'धूमधूम्रात्मनाम्' 'धूमेन' ધૂમાડાથી 'धूम्रः' કાળો થએલ છે 'आत्मा' દેહ જેઓનો તેવા (ને પાન કરાવો છો). યજ્ઞે કરેલો (દેહ મલિન કરવાનો) દોષ સ્પષ્ટ છે. ગુણ તો સંદેહવાળો છે. આવા ભારે દુઃખમાં ગોવિંદના ચરણકમલના મધુર રસનું પાન તમે કરાવો છો. એક હજાર વર્ષના યજ્ઞથી કોઈપણ રસનો અનુભવ થયો નથી. અને તમે (રસનો) અનુભવ કરો છો. તેથી યજ્ઞ કરતાં તમેજ આદર કરવા યોગ્ય છો. આ સર્વતરફથી 'पानम्' પાન, હૃદયમાં પ્રવેશ થાય ત્યાં સુધીનું (પાન કરાવો છો). 'ગોવિન્દ' શબ્દથી શ્રવણ

૧. 'प्रउग' અમુક શસ્ત્ર છે. 'प्रउग' 'કહે છે' એ શ્રુતિ પ્રમાણે અહીં તે શસ્ત્ર ગીત અને મંત્રોથી થઈ શકે તેવી સ્તુતિ જાણવી (प्र)

૨. મનુષ્યલોકમાં ફલ પ્રત્યક્ષ થતું હોવાથી તે ઉત્તમ છે એમ કહેવા, જેમ દેવલોકના ફલ વિષે સંદેહનું વચન કહેલું છે, તેવી રીતે અહીં ભગવાનની લીલાની કથાનો રસ ઉત્તમ છે એમ જણાવવા કર્મ આનંદવગરનું હોવાનું કહેલ છે, પણ તે કર્મની નિંદા કરવા કહેલું નથી, એવો અર્થ છે (प्र)

કહેલું છે. મેં પ્રેરેલો બીજું નહીં કરે (બાળ્યા વિના નહીં રહે) એવો અર્થ છે. તેમ નહીં કરે (બાળે), તો તેને પણ હું બાળીશ એવો ભાવ છે. એવી (તક્ષકને) આજ્ઞા કરવાનું કારણ 'પિતાનો દ્રોહ કરનાર' વિશેષણથી કહેલું છે. મારા પિતાનો તેણે અપરાધ કરેલો છે એવો (અર્થ છે). ૩૬

એ પ્રમાણે શાપ આપીને, તે (શાપમાં) તેજ શાંત થતાં મનુષ્યની સ્થિતિથી ઘેર આવીને રડ્યો, એમ નીચેના શ્લોકથી કહે છેઃ–

ततोऽभ्येत्याऽऽश्रमं बालो गलेसर्पकलेवरम् ॥
पितरं वीक्ष्य दुःखार्त्तो मुक्तकण्ठो रुरोद ह ॥३७॥

**પછી બાલક આશ્રમમાં આવી પિતાને ગળા ઉપર સર્પના શરીરવાળા જોઇ દુઃખથી પીડિત થઇ નિશ્ચય મોટા અવાજે રડ્યો. ૩૭**

'गलेसर्पकलेवरम्' એ વિભક્તિના પ્રત્યયનો લોપ થયા વિનાનો સમાસ છે. બાલક હોવાથી (સર્પ) મરેલો હતો કે જીવતો હતો તે તેણે જાણ્યું નહીં. તેવા (ગળાં ઉપર સર્પના શરીરવાળા) પિતાને જોઇને દુઃખથી પીડા પામ્યો. 'मुक्तकण्ठः' એટલે મોટા અવાજે. પિતા તો 'સર્પકંઠ' (ગળા ઉપર સર્પવાળા), અને પોતે 'મુક્તકંઠ' ગળું છૂટું મૂકી (મોટા અવાજે રડનારો). 'ह' શબ્દ નિશ્ચયના અર્થવાળો છે. ૩૭

પછી શું થયું તે નીચેના શ્લોકોથી કહે છે –

स वा आंगिरसो ब्रह्मन् श्रुत्वा पुत्रविलापनम् ॥
उन्मील्य शनकैर्नेत्रे दृष्ट्वा चांसे मृतोरगम् ॥३८॥
विसृज्य पुत्रं पप्रच्छ वत्स कस्माद्धि रोदिषि ॥
केन वाऽपकृतं सर्वमित्युक्तः स न्यवेदयत् ॥३९॥

**હે બ્રહ્મન્! અંગિરસના કુલમાં ઉત્પન્ન થએલાએ તેણે પુત્રનું રડવું સાંભળીને, ધીરેધીરે આંખો ઉઘાડીને અને ખભા ઉપર મરેલા સર્પને જોઇ (તેને) કાઢી નાખી પુત્રને પૂછ્યું. 'હે પુત્ર! તું કેમ રડે છે? કોણે (તારો) અપરાધ કર્યો છે!' એમ કહેલા તેણે સર્વ જણાવ્યું. ૩૮–૩૯.**

'आंगिरसः' એટલે અંગિરસના કુલમાં ઉત્પન્ન થએલો. (આ શબ્દથી) સહન કરનાર હોવાપણું અને કુલિનપણું સૂચવેલ છે. 'હે બ્રહ્મન્' સંબોધનથી (બીજી કોઇ) શંકા ન હોવાનું કહેલ છે, કારણકે બ્રહ્મરૂપ હોય તે ખોટું (કાંઇ) કરે નહીં. મોટો અવાજ (કાને) અથડાવાથી સમાધિ સ્વપ્નની પેઠે તૂટી ગઇ.

धर्मपालो नरपतिः स तु सम्राड् बृहच्छ्रवाः ॥
साक्षान्महाभागवतो राजर्षिर्हयमेधयाट् ॥
क्षुत्तृट्श्रमयुतो दीनो नैवास्मच्छापमर्हति ॥४५॥

**તે નરપતિ તો ધર્મનું પાલન કરનાર, સાર્વભૌમ, ઘણી કીર્તિવાળો, સાક્ષાત્ મોટો ભક્ત, રાજર્ષિ, અશ્વમેધ (યજ્ઞ) કરનાર, ભૂખ તરસ અને થાકવાળો, લાચાર થએલો આપણે શાપ આપવા યોગ્ય ન હતો. ૪૫**

(રાજાનો) એક એક ગુણ પણ આપણે સંપૂર્ણ પ્રકારે પૂજા કરવા યોગ્ય છે. આ (રાજા)માં તો સર્વે ગુણો છે. તે આ શ્લોકથી કહે છે. 'નરપતિ' હોવાથી નીતિના માર્ગથી પણ પૂજા કરવા યોગ્ય છે. 'સાર્વભૌમ' હોવાથી કામ (પ્રાપ્ત કરવા) માટે પણ પૂજા કરવા યોગ્ય છે, કારણકે સામ્રાજ્યની લક્ષ્મીવાળો હોઇ સર્વ આપવા શક્તિવાળો છે. પ્રસિદ્ધિ પણ પૂજા (કરવા) નું કારણ છે, તે 'ઘણી કીર્તિવાળો' વિશેષણથી કહેલ છે. 'बृहत्' ઘણી છે 'श्रवः' કીર્તિ જેની તેવો છે. 'સાક્ષાત્ મોટો ભક્ત' હોવાથી ભક્તિમાર્ગથી પણ આ પૂજન કરવા યોગ્ય છે. બીજા તો ગુરુદ્વારા ભગવાને અંગીકાર કરેલા મોટા ભક્તો હોય છે. આના તો ભગવાન જ ગુરુ છે. તેથી (આ) સાક્ષાત્ મોટો ભક્ત છે. વેદના અર્થનું પાલન કરનાર અને મંત્રનો દ્રષ્ટા હોવાથી વૈદિક વિચારથી પણ આ પૂજા કરવા યોગ્ય છે તે 'રાજર્ષિ*' શબ્દથી કહેલ છે. 'અશ્વમેધ યજ્ઞ કરનાર' હોવાથી કર્મને લીધે પણ આ પૂજા કરવા યોગ્ય છે. (તેણે) અશ્વમેધ યજ્ઞ કરેલા. વળી ધર્મ વિગેરેના વિચાર વિના પણ માત્ર લૌકિકના વિચારથી પણ (આ) પૂજા કરવા યોગ્ય હતો. તે 'ભૂખ તરસ અને થાકવાળો' વિશેષણથી કહેલું છે. તે[1] ઉપર કહેલા (શમીકે) યોગથી જાણેલા સૂકાતાં તાલવાંને લીધે 'લાચાર થએલો' હતો. એવી રીતે સર્વ પ્રકારે પૂજા કરવા યોગ્ય શાપ આપવા યોગ્ય ન હતો. તેથી પૂજા કરવા યોગ્યની પૂજા ન કરવાથી (આપણને) અધર્મ થયો, અને માત્ર (તેના) દોષ જોવાથી (આપણે) નીચ થયા છીએ એવો અર્થ છે. ૪૫

**વળી ભક્તનો અપરાધ થાય ત્યારે ભગવાન ક્રોધ કરે છે. તેથી સર્વનો નાશ થશે એમ ભય પામી, નીચેના શ્લોકથી ભગવાનની પ્રાર્થના કરે છેઃ–**

* 'રાજા' હોવાથી વેદના અર્થનું પાલન કરનાર અને 'ઋષિ' હોવાથી મંત્રનો દ્રષ્ટા.

૧ તે ભૂખ તરસ વિગેરે ઉપર સૂતે (શૌનકને) કહેલા, એવો અર્થ છે (પ્ર) આ શૃંગી પણ જાણતો ન હતો અને તેથી તેણે શમીકને કહેલા નહીં, પણ શમીકે યોગથી જાણ્યા.

| પા. | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૯ | ૩૦ | માત | માત્ર |
| ૯૧ | ૬ | અયુત | અચ્યુત |
| ૯૧ | ૧૪ | વક્ષ | વક્ષઃ |
| ૯૩ | ૨૦,૨૬ | પિત્રો | પિત્રોઃ |
| ૯૬ | ૪ | લીધુ | લીધે |
| ૯૬ | ૧૦ | (દૃષ્ટિએ | (દૃષ્ટિએ) |
| ૯૬ | ૨૨ | नबं | नवं |
| ૯૮ | ૧૨ | निगतानि | निर्गतानि |
| ૯૯ | ૧૨ | લા–ણી | લાગણી |
| ૯૯ | ૨૮ | ત | તે |
| ૧૦૦ | ૪ | यतोऽबुध | यतोऽबुधः |
| ૧૦૦ | ૨૪ | તેમ) | (તેમ) |
| ૧૦૧ | ૭ | ભગવાનનો | (ભગવાનનો) |
| ૧૦૧ | ૨૪ | વિગેરેનાં | વિગેરેમાં |
| ૧૦૨ | ૨૯ | એક | એકને |
| ૧૦૩ | ૨૯ | જમિનિના | જૈમિનિના |
| ૧૦૪ | ૩ | सिद्धयर्यै | सिद्धयर्थे |
| ૧૦૫ | ૧૨ | એમ | (એમ |
| ૧૦૫ | ૧૩ | તેનાં) | (તેનાં) |
| ૧૦૫ | ૧૪ | (તેનું | (તેનું) |
| ૧૦૫ | ૧૫ | અન | અને |
| ૧૦૬ | ૧૮ | કામનાઓની) | (કામનાઓની) |
| ૧૦૬ | ૧૯ | તેને) | (તેને) |
| ૧૦૬ | ૨૯ | गतः | गतं |
| ૧૦૮ | ૧૨ | પોત | પોતે |
| ૧૦૮ | ૧૨ | ઉત્તરાના | (ઉત્તરાના |
| ૧૦૮ | ૨૧ | बांहु | बांहुं |
| ૧૦૮ | ૨૩ | मुहु | मुहुः |
| ૧૦૯ | ૧૮ | વષ્ણુવ | વૈષ્ણુવ |
| ૧૧૦ | ૧૩ | તેજ | તેજ) |
| ૧૧૦ | ૧૮ | ઓનાં | આનાં |
| ૧૧૦ | ૨૦ | થતાં | (થતાં |
| ૧૧૧ | ૨ | दशमास्यस्य | दशमास्यस्य |
| ૧૧૨ | ૨૩ | ગાયો | ગામો |
| ૧૧૩ | ૪ | ह्यग्निप्र | ह्यस्मिन्प्र |
| ૧૧૩ | ૬ | प्रभबि | प्रभवि |

| પા. | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧૩ | ૧૬ | પકી | પૈકી |
| ૧૧૪ | ૩૩ | પ્રસ . | પ્રેસ |
| ૧૧૫ | ૨૪ | ઇક્ષ્વાકુએ અને | ઇક્ષ્વાકુએ |
| ૧૧૬ | ૯ | (હતો | (હતો) |
| ૧૧૬ | ૧૯ | (તેમનાથી | (તેમનાથી) |
| ૧૧૬ | ૧૯ | हुताश | हुताशः |
| ૧૧૬ | ૧૯ | घर्षणम् | घर्षणम् |
| ૧૧૬ | ૨૭ | બાજ | ઇંદ્રિ બાજ |
| ૧૧૭ | ૬ | सहिष्णु | सहिष्णुः |
| ૧૧૭ | ૧૭ | આધાર | આધાર) |
| ૧૧૯ | ૬ | जिज्ञासितः | जिज्ञासितः |
| ૧૨૧ | ૨૦ | વિગેરે તો | — |
| ૧૨૧ | ૨૭ | भ्रातर | भ्रातरः |
| ૧૨૩ | ૪ | पुरूष | पुरुष |
| ૧૨૪ | ૨ | ઇંદ્રિયોની | ઇંદ્રિયોની) |
| ૧૨૪ | ૫ | પકી | પૈકી |
| ૧૨૫ | ૪ | ના | (ના |
| ૧૨૫ | ૨૫ | प्रेमवाष्पौघं | प्रेमबाष्पौघं |
| ૧૨૭ | ૧ | કહેલ | કહેલ) |
| ૧૨૯ | ૧ | તીર્થનાં) | (તીર્થનાં) |
| ૧૩૨ | ૨૧ | घन | घनं |
| ૧૩૩ | ૭ | ગાદીએ | ગાદીએ) |
| ૧૩૪ | ૧ | સામથ્યનાં | સામર્થ્યનાં |
| ૧૩૪ | ૧૩ | પક્ષ | પક્ષ) |
| ૧૩૫ | ૭ | જાઇએ | જોઇએ |
| ૧૩૬ | ૩ | સીમેનાવર્જિત | સીમેનાવર્જિત |
| ૧૩૬ | ૩ | ગૃહ | ગૃહ |
| ૧૩૮ | ૫ | ધર્યનું | ધૈર્યનું |
| ૧૩૮ | ૯ | (ધર્ય) | (ધૈર્ય) |
| ૧૪૦ | ૧૮ | प्रतिव्रता | पतिव्रता |
| ૧૪૨ | ૧૬ | ઉય | ઉદય |
| ૧૪૨ | ૧૭ | પ્રાઃત | પ્રાતઃ |
| ૧૪૬ | ૧૫ | આયા | આવ્યા |
| ૧૪૭ | ૧૧ | હેય | હોય |
| ૧૪૮ | ૨ | તેનું) | (તેનું) |
| ૧૪૯ | ૮ | પરાવેલા | પરોવાએલા |

| પા. | લી. | અશુદ્ધ | શુદ્ધ | પા. | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫૫ | ૨ | પડે | પેઠે | ૨૦૨ | ૬ | જવું | જવું) |
| ૧૫૫ | ૨૫ | રહેલા | રહેલા) | ૨૦૨ | ૨૨ | કાર્ય | કાર્ય) |
| ૧૫૬ | ૨૫ | सप्तस्त्रोत: | सप्तस्रोत: | ૨૦૫ | ૧૯ | અથ | અર્થ |
| ૧૫૮ | ૫ | प्रत्याहत | प्रत्याहृत | ૨૦૭ | ૯ | ાક્રયા | ક્રિયા |
| ૧૫૯ | ૨૪ | અંતકરણ | અંતઃકરણ | ૨૧૦ | ૩ | ત્યાં | (ત્યાં |
| ૧૬૦ | ૨૫ | કરીરે | કરીને | ૨૧૦ | ૮ | कलि | कलिः |
| ૧૬૧ | ૧૭ | અભુદ્દત | અદ્દભુત | ૨૧૦ | ૧૧ | જવા | જવા) |
| ૧૬૩ | ૨૧ | જવાન | જવાના | ૨૧૧ | ૧૮ | શ્લેક | શ્લોક |
| ૧૬૪ | ૫ | जिह्न | जिह्व | ૨૧૪ | ૨૫ | અધ્યસનો | અધ્યાસનો |
| ૧૬૭ | ૨૯ | त्यतमीतव | त्यमीतवत् | ૨૧૪ | ૨૭ | સયમરૂપ | સંયમરૂપ |
| ૧૭૩ | ૧૭ | शात्र | शात्रु | ૨૧૮ | ૧૦ | અક્ષરબ્રહ્મ | (અક્ષરબ્રહ્મ) |
| ૧૭૬ | ૨૧ | ईव | इव | ૨૧૯ | ૨૩ | ગયેલા | ગયેલા) |
| ૧૭૬ | ૨૫ | દષ્ટ | દૃષ્ટિ | ૨૨૧ | ૨૩ | અનન્ય | (અનન્ય |
| ૧૭૭ | ૪ | સેવારુપ | સેવારૂપ | ૨૨૨ | ૨૦ | ાપતૃઓ | પિતૃઓ |
| ૧૭૮ | ૨૨ | ાવચાર | વિચાર | ૨૨૪ | ૮ | सम्मव | सम्भवः |
| ૧૮૫ | ૭ | ભગવાને | (ભગવાને) | ૨૨૬ | ૧૩ | બને | બંને |
| ૧૮૫ | ૨૫ | મત્રી | મૈત્રી | ૨૨૬ | ૧૬ | કહેલું | (કહેલું |
| ૧૮૬ | ૩ | કહવામાં | કહેવામાં | ૨૨૭ | ૨૨ | હાય | હોય |
| ૧૮૬ | ૮ | કારણ | કારણ) | ૨૨૮ | ૧૬ | નિયત્રણ | નિયંત્રણ |
| ૧૮૮ | ૧૪ | દ્રુપદના | (દ્રુપદના | ૨૨૮ | ૨૫ | य | यः |
| ૧૮૮ | ૨૪ | થયું) | (થયું) | ૨૨૯ | ૨૩ | કહે | રહે |
| ૧૮૯ | ૧૪ | જાણતો | (જાણતો) | ૨૨૯ | ૨૭ | મકરદ | મકરંદ |
| ૧૯૦ | ૯ | છટા | છૂટા | ૨૨૯ | ૩૧ | સપૂર્ણ | સંપૂર્ણ |
| ૧૯૧ | ૧૬ | કરીશ | (કરીશ) | ૨૩૦ | ૨૬ | બનેની | બંનેની |
| ૧૯૧ | ૨૧ | દશ | (દશ | ૨૩૧ | ૨૩ | બોલાવવું; | બોલાવવું) |
| ૧૯૧ | ૨૯ | न | नः | ૨૩૨ | ૧૧ | नक्त | नक्तं |
| ૧૯૨ | ૨૪ | અર્જુનની | (અર્જુનની) | ૨૩૩ | ૨૨ | कम्पिुरुषा | किम्पुरुषा |
| ૧૯૨ | ૩૧ | મને | અને | ૨૩૫ | ૨૩ | શૂદ્ર | (શૂદ્ર |
| ૧૯૩ | ૧૬ | કરેલો | કરેલો) | ૨૩૬ | ૨૩ | તું | (તું |
| ૧૯૩ | ૨૫ | કરેલું છે | (કરેલું છે) | ૨૩૭ | ૧૮ | કરે છે | કરે છે) |
| ૧૯૩ | ૨૮ | વિખુટો | (વિખુટો | ૨૩૮ | ૧૬ | મોક્ષના | (મોક્ષના |
| ૧૯૭ | ૨૦ | स्पृन् | स्पृशन् | ૨૩૯ | ૧૩ | श्रतम् | श्रुतम् |
| ૧૯૭ | ૨૪ | आसुणि | आसुराणि | ૨૩૯ | ૧૫ | धर्य | धैर्य |
| ૧૯૮ | ૧૧ | જીવ | (જીવ | ૨૪૦ | ૯ | श्रत, | श्रुत |
| ૧૯૯ | ૨૨ | હું | (હું | ૨૪૦ | ૧૮ | અહકાર | અહંકાર |
| ૨૦૧ | ૨૫ | पदीश | सदीश | ૨૪૧ | ૧ | ते | तें |

| પા | લી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪૨ | ૫ | સયોગ | સંયોગ |
| ૨૪૩ | ૩૩ | પાપ્ત | પ્રાપ્ત |
| ૨૪૩ | ૩૫ | શ્થાપન | સ્થાપન |
| ૨૪૫ | ૧૦ | શૃગાર | શૃંગાર |
| ૨૪૬ | ૭ | તેના | (તેના |
| ૨૪૬ | ૯ | ગૂમવેલા | ગૂમાવેલા |
| ૨૪૬ | ૧૬ | ताया | तायाः |
| ૨૪૬ | ૨૮ | बल्गुजल्पैः | वल्गुजल्पैः |
| ૨૪૮ | ૧૩ | वाक्थं | वाक्यं |
| ૨૫૦ | ૨ | આ | આ) |
| ૨૫૦ | ૭ | હતો | (હતો |
| ૨૫૦ | ૯ | સ્થતિ | સ્થિતિ |
| ૨૫૦ | ૧૪ | ધર્મન | ધર્મને |
| ૨૫૦ | ૨૫ | વાછાં વિનાની | 'વાછડાં વિનાની' |
| ૨૫૦ | ૨૫ | દોહન | (દોહન |
| ૨૫૦ | ૨૮ | હતી | (હતી |
| ૨૫૨ | ૧૩ | કુષ્ણુ | કૃષ્ણુ |
| ૨૫૨ | ૧૭ | अशोयान | अशोच्यान् |
| ૨૫૬ | ૨૭ | અપાધ | અપરાધ |
| ૨૬૦ | ૨૮ | લોનો | લેવાનો |
| ૨૬૪ | ૧૬ | અર્ધમના | અધર્મના |
| ૨૬૪ | ૨૪ | ગધાડાના | ગધેડાના |
| ૨૬૫ | ૧૦ | नैधित | नैश्चितः |
| ૨૬૫ | ૧૯ | છે | છે) |
| ૨૬૭ | ૧૩ | શૃગાર | શૃંગાર |
| ૨૬૮ | ૧૫ | કરવાથી | કરવાથી) |
| ૨૭૦ | ૧૯ | पूग | पूगः |
| ૨૭૧ | ૮ | वन्धो | बन्धो |
| ૨૭૧ | ૧૫ | આચરવાનું | આચરવાનું) |
| ૨૭૧ | ૨૦ | સભવે | સંભવે |
| ૨૭૧ | ૨૬ | વિસ્તાર | વિસ્તાર) |
| ૨૭૧ | ૨૭ | પદાર્થો | (પદાર્થો |
| ૨૭૧ | ૩૦ | हरिमग | हरिर्भग |
| ૨૭૫ | ૨૨ | पमवः | प्रभवः |
| ૨૭૬ | ૧૩ | તેણે | (તેણે |
| ૨૭૭ | ૮ | પરીક્ષિત | (પરીક્ષિત |
| ૨૭૭ | ૨૭ | गजाह्वये , | गजाह्वये |
| ૨૮૦ | ૨ | द्रोण्य | द्रौण्य |
| ૨૮૧ | ૧૯ | મારૂ | મારું |
| ૨૮૬ | ૪ | શબ્દનાં | શબ્દના) |
| ૨૮૭ | ૨૨ | हे सौम्य ? | हे सौम्य ! |
| ૨૮૭ | ૨૨ | हे बुध ? | हे बुध ! |
| ૨૮૮ | ૨૨ | સદેહ | સંદેહ |
| ૨૯૩ | ૧૭ | त्यद्भूत | त्यद्भुत |
| ૨૯૩ | ૨૭ | દૃષ્ટિ | (દૃષ્ટિ |
| ૨૯૪ | ૧૨ | ભગવત | ભાગવત |
| ૨૯૮ | ૫ | ઋષઓ | ઋષિઓ |
| ૩૦૦ | ૧૬ | અંતઃકરનો | અંતઃકરણનો |
| ૩૦૩ | ૨૨ | ઇંયો | ઈંદ્રિયો |
| ૩૦૪ | ૨૪ | श्रुकोप | स्त्रुकोप |
| ૩૦૭ | ૮ | સાંળળીને | સાંભળીને |
| ૩૧૧ | ૧૮ | श्रत्वा | श्रुत्वा |
| ૩૧૩ | ૪ | કરવા | (કરવા |
| ૩૨૧ | ૧૪ | प्रश्चात्ताप | पश्चात्ताप |
| ૩૨૩ | ૧૨ | આગ્નિ | અગ્નિ |
| ૩૨૪ | ૭ | નાગનું | નામનું |
| ૩૨૪ | ૨૪ | વૈરાગ્યનું | વૈરાગ્યનું) |
| ૩૨૪ | ૨૫ | (આસક્તિ... | આસક્તિ... |
| ૩૨૫ | ૨૧ | मत्यम | मर्त्यम् |
| ૩૨૬ | ૧૪ | કરાતી | કરાતી) |
| ૩૨૬ | ૨૦ | (તેવાં | તેવાં |
| ૩૨૭ | ૧૦ | તેવું) | (તેવું |
| ૩૩૩ | ૯ | सृष्ट | सृष्टः |
| ૩૩૪ | ૧૯ | (તે | (તે) |
| ૩૩૫ | ૨૧ | કારણ)ભ... | કારણ (ભ... |
| ૩૩૭ | ૭ | अध्यवसाय | अध्यवसायः |
| ૩૪૪ | ૨ | सुष्ठ | सुष्ठु |
| ૩૪૫ | ૬ | महासमे | महासने |
| ૩૪૭ | ૨૫ | पुनर्दशन | पुनर्दर्शन |
| ૩૫૦ | ૨૬ | જીવાા | જીવતા |